RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 284* Date: 10.08.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## મુખ્યમંત્રી નીતીશ કુમારે હોદ્દા પરથી રાજીનામું આપ્યું : રાજદ સાથે ગઠબંધન કરી સરકાર રચશે



પટણા,તા.૯

બિહારમાં નીતીશ કુમારે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. નીતીશે રાજ્યપાલ ફાગુ સિંહને પોતાનું રાજીનામું સોંપ્યું છે. રાજ્યપાલે જ્યાં સુધી નવી સરકારની રચના ન થાય ત્યાં સુધી કાર્યકારી મુખ્યમંત્રી તરીકે કામ કરવા માટે જણાવ્યું છે. રાજ્યપાલ સાથે મુલાકાત બાદ નીતીશ કુમારે કહ્યું હતુ કે અમે એનડીએ છોડી દીધુ છે.તેમણે કહ્યું હતું કે બધાની ઈચ્છા હતી કે એનડીએ છોડી દેવી જોઈએ આથી તમામની વાત માની એનડીએના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપી દીધુ છે હવે રાજદ કોંગ્રેસ સાથે મળી મહાગઠબંધનની સરકાર બનાવવામાં આવશે રાજ્યપાલની મુલાકાત કર્યા બાદ તેઓ સીધા રાબડીદેવીના નિવાસસ્થાને પહોંચ્યા હતાં આ પ્રસંગે લલનસિંહ પણ હાજર રહ્યાં હતાં.

એ યાદ રહે કે બિહારમાં ૫ વર્ષ બાદ નીતીશ કુમારની પાર્ટી જદયુ અને ભાજપ વચ્ચેનું ગઠબંધન તૂટ્યું છે. આજે જદયુ વિધાનસભા પક્ષની બેઠક યોજાઈ હતી જેમાં ધારાસભ્યોની બેઠક મળી હતી જેમાં ધારાસભ્યોએ નીતીશકુમારને કોઈ પણ નિર્ણય લેવા માટે સત્તા આપી હતી અને કહ્યું હતું કે જે પણ નિર્ણય લેવામાં આવે અમે તમારી સાથે છીએ બેઠકમાં પહોંચેલા આરસીપી સિંહના નજીકના સહયોગી શીલા મંડલે કહ્યું હતું કે હું સીએમની સાથે છું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જેડીયુની બેઠકમાં નીતિશ કુમારે કહ્યું કે ભાજપે હંમેશા અમને નબળા પાડવાનો પ્રયાસ કર્યો છે. ભાજપે મારું અપમાન કર્યું છે. ૨૦૧૩થી અત્યાર સુધી ભાજપે માત્ર છેતરપિંડી જ કરી છે.મુખ્યમંત્રી નિવાસસ્થાને જેડીયુના સાંસદો અને ધારાસભ્યોની બેઠકમાં ભાજપ સાથે ગઠબંધન તોડવાની જાહેરાત કરવામાં આવી હતી અને ત્યારબાદ મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજ્યપાલ ફાગુ સિંહ ચૌહાણને મળવા માટે સમય માગ્યો હતો અને રાજ્યપાલે તેમને ચાર વાગ્યાનો સમય આપ્યો હતો અને મુખ્યમંત્રીએ રાજ્યપાલને પોતાનું રાજીનામુ આપી દીધુ હતું

દરમિયાન રાબડીના નિવાસસ્થાને આરજેડી નેતાઓની બેઠક યોજાઈ હતી આ બેઠકમાં કોંગ્રેસ અને ડાબેરી પક્ષોના ધારાસભ્યોને પણ બોલાવવામાં આવ્યા હતાં તમામ નેતાઓના મોબાઈલ ગેટ પર જ જમા કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ જ બેઠકમાં જવા દેવામાં આવ્યા હતાં.આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે જો નીતીશકુમાર એનડીએ સાથે ગઠબંધન તોડે તો મહાગઠબંધન નીતીશકુમારને સમર્થન આપશે કોંગ્રેસે પ્રદેશ અધ્યક્ષ મદન મોહન ઝાના ઘરે બપોરે ૧ વાગ્યે તમામ ધારાસભ્યોની બેઠક બોલાવી હતી અને કોંગ્રેસે જેડીયુને શરતી સમર્થન જાહેર કર્યું હતું

હવે રાજદ,કોંગ્રેસ અને જદયુની મહાગઠબંધનની સરકાર બનશે કોંગ્રેસના ધારાસભ્ય શકીલ અહેમદ ખાને કહ્યું છે કે નીતીશ કુમાર મહાગઠબંધનના મુખ્યમંત્રી હશે. બધું નક્કી થઈ ગયું છે. લાલુની પુત્રી રોહિણી આચાર્યએ ટ્વીટ કરીને લખ્યું છે કે રાજતિલકની કરો તૈયારી, આવી રહ્યા છે લોલટેનધારી.જદયુના નેતા ઉપેન્દ્ર કુશવાહાએ ટ્વિટ કર્યું કે નવા સ્વરૂપમાં નવા ગઠબંધનના નેતૃત્વની જવાબદારી માટે શ્રી નીતીશ કુમારજીને અભિનંદન. નીતીશ જી, આગળ વધો. દેશ તમારી રાહ જોઈ રહ્યો છે. આ ટ્વિટ પરથી લાગે છે કે નીતીશ કુમાર દેશની રાજનીતિ માટે મોખરે રહેશે.

સુત્રોના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રી સરકાર બનાવવાનો દાવો કરી શકે છે. નીતીશ કુમાર હવે રાષ્ટ્રીય જનતા દળ અને કોંગ્રેસની મદદથી સરકાર બનાવી શકે છે. નવી ગઠબંધન સરકારમાં નીતીશ કુમાર મુખ્યમંત્રી તરીકે ચાલુ રહે તેવી શક્યતા છે. તેમજ તેજસ્વી યાદવ નાયબમુખ્યમંત્રી બની શકે છે. આ સાથે કોંગ્રેસના દરબારમાં સ્પીકરનું પદ મળવાની પણ શક્યતા છે. આરજેડી નેતા તેજસ્વી યાદવે ગૃહ મંત્રાલયની માગણી કરી છે, સાથે જ તેજ પ્રતાપને પણ સરકારમાં સ્થાન મળી શકે છે. જોકે, હજૂ સુધી આ અંગે કોઈ સત્તાવાર સમર્થન મળ્યું નથી. બિહારમાં ભાજપ સાથે છેડો ફાડયા બાદ અને મહાગઠબંધનની સરકાર બનવા જઈ રહી છે ત્યારે રાજદના કાર્યકરોમાં ખુશી છવાઈ ગઈ હતી. રાબડીદેવીના નિવાસસ્થાને રાજદના કાર્યકરો માટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતાં અને લાલુ જીન્દાબાદ, તેજસ્વી યાદવ જીન્દાબાદના સુત્રોચ્ચાર લગાવ્યા હતાં કાર્યકરોનું કહેવું છે કે બિહારમાં હવે ગરીબોની સરકાર આવી છે.જયારે ચિરાગ પાસવાને માંગણી કરી હતી કે બિહારમાં ફરી ચુંટણી કરાવવી જોઈએ જયારે ભાજપ નેતાઓએ કહ્યું હતું કે નીતીશ હંમેશા દગો આપવા જાણીતા છે

## છેલ્લા બે દાયકામાં આદિવાસી સમાજના વિકાસ માટે બજેટમાં ૨૬ ગણો માતબર વધારો કર્યો છે : મુખ્યમંત્રી

### રાજ્યના આદિજાતિ વિસ્તારો માટે રૂ. ૧૬૦૦ કરોડના ૫૬૯૦ જેટલા વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા.

(એ.આર.એલ),દાહોદ,તા.૯

આદિજાતિ વિસ્તાર દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ આદિવાસી દિવસની રાજયવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવતા રાજ્યના આદિજાતિ વિસ્તારો માટે રૂ. ૧૬૦૦ કરોડના ૫૬૯૦ જેટલા વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ઝાલોદમાં વિશ્વ આદિવાસી દિનની રાજ્ય કક્ષાની ઉજવણી સાથે રાજ્યના વિવિધ આદિજાતી વિસ્તારોમાં ૨૬ સ્થાનો પર એક સાથે થયેલી ઉજવણીમાં વિધાનસભાના અધ્યક્ષ સહિત મંત્રી મંડળના સભ્યો સહભાગી થયા હતા. છેલ્લા બે દાયકામાં રાજ્યના આદિવાસી સમાજના વિકાસ માટે બજેટમાં ૨૬ ગણો માતબર વધારો કર્યો છે. આદિવાસીઓના રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ માટે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર છેલ્લા બે દાયકાથી સતત કર્તવ્યરત છે. આ બે દાયકામાં રૂ. ૨૦૭૪૫ કરોડના વિકાસ કામો થકી આદિવાસીઓનું જીવન વધુ સરળ બનાવ્યું છે અને તેમને વિકાસના રાહ પર લાવ્યા છીએ. આદિજાતિ વિભાગના બજેટમાં ક્રમશઃ જંગી વધારો કરીને વર્ષ ૨૦૨૧ ૨૨ માં રૂ. ૨૬૫૬.૪૦ કરોડની આદિજાતિ બાંધવો માટે જોગવાઈ કરી છે. મુખ્યમંત્રીએ આદિજાતિ વિભાગના વિવિધ યોજનાકીય લાભોનું લાભાર્થીઓને વિતરણ કરવા સાથે બિરસા મુંડા યુનિવર્સિટીના લોગોનું અનાવરણ અને તેજસ્વી છાત્રોનું બહુમાન પણ કર્યું હતું

આદિવાસી વિસ્તારોમાં થયેલા જનકલ્યાણના કામોની ભૂમિકા



આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પેસા કાયદાનો સુદ્રઢ અમલ કરી અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટાના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૪ હજાર કરતા વધુ ગામોના ૯૦ લાખ આદિવાસીઓને વિશેષ અધિકારો આ સરકારે આપ્યા છે. શહેરોમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે ખાસ છાત્રાલયો, એકલવ્ય અને મોડેલ સ્કૂલ્સ, ગોધરામાં ગોવિંદ ગુરુ અને રાજપીપળામાં બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ કરી આદિવાસી છાત્રો માટે શિક્ષણના નવા આયામો આપવામાં આવ્યા છે. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિને દેશવિદેશના પ્રવાસીઓ માણે તે માટે કેવડિયા ખાતે રૂ. ૧૩૦ કરોડના ખર્ચે નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમ બનાવવામાં આવી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. આદિવાસી જિલ્લાના ૧૧ લાખ એકર વિસ્તારને વિવિધ સિંચાઈ યોજનાનો લાભ આપી હરિયાળા બનાવવા સાથે આદિવાસી વિસ્તારના ૯૮ ટકા રેવન્યુ ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનએ આદિવાસી બંધુઓને વિકાસના વર્તમાન પ્રવાહો સાથે જોડી ટ્રાયબલ ડેવલપમેન્ટનું એક નવું મોડેલ દુનિયાને આપ્યું છે. વડાપ્રધાનના નેતૃત્વમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. ભારતને અંગ્રેજ શાસનમાંથી આઝાદ કરવામાં આદિવાસી બાંધવોનું બલિદાન અનન્ય રહ્યું છે. રાજ્ય સરકારે આદિવાસીઓના આ બલિદાનને વિશ્વ સમક્ષ ઉજાગર કર્યું છે. પાલ દઢવાવના શહીદોની યાદમાં વન અને ગોવિંદ ગુરુની સ્મૃતિમાં તેમના નામ સાથેની યુનિવર્સિટી ઉપરાંત રાજપીપલા ખાતે રૂ. ૩૪૧ કરોડના ખર્ચથી બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. હર ઘર તિરંગા અભિયાનમાં સૌને જોડાવા કરેલા આહવાનમા તમામ આદિવાસી બંધુઓને જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

આદિજાતિ મંત્રી નરેશ પટેલે કહ્યું કે, આદિજાતિ બાંધવોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા પ્રયત્નોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વધુ બળ આપી રહ્યા છે. તેઓ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતા કરી જરૂરી બજેટનું પ્રાવધાન કરી આપે છે. આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણ ખૂબ જરૂરી હોવા પર ભાર મૂકતા પટેલે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં નવી નવી શિક્ષણ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. મેડિકલ, ઈજનેરી કોલજો પણ આ વિસ્તારોમાં મળી રહી છે. આદિવાસી છાત્રોને ઘર બેઠા ઉચ્ચ શિક્ષણ મળી રહ્યું છે. આદિવાસીના ગૌરવવંતા ઈતિહાસને યાદ કરતા સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આદિવાસી સમાજના વિકાસનો પાયો મુક્યો છે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટેની નેમ વિવિધ વિકાસ કાર્યોની ભેટ થકી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ લીમડી પટ્ટીના ૪૫ ગામોના ૬૬ તળાવો ભરવા માટેની પણ મૌખિક સંમતિ આપી છે. પ્રારંભમાં આદિજાતિ વિકાસ વિભાગના કમિશનર દિલીપ રાણાએ સૌનો આવકાર કર્યો હતો. અંતમાં કલેકટર ડો.હર્ષિત ગોસાવીએ આભાર વિધિ કરી હતી.

## શું જેપી નડ્ડાના નિવેદનને ભાજપની સરકાર ગઈ

## પ્રાદેશિક પક્ષોનો નાશ થશે તેવું ભાજપના રાષ્ટ્રીય પ્રમુખે કહેતા નીતીશ કુમાર ભ્રમિત થયા



બિહારનું રાજકીય વાતાવરણ ગરમાયું છે અને ભાજપ જદયુનું ગઠબંધન તુટી ગયું છે અને મહાગઠબંધનની સરકાર બનવા જઈ રહી છે બિહારમાં નીતીશ કુમારની ભાજપથી નારાજગીના સમાચાર છેલ્લા એક મહિનાથી આવી રહ્યા છે. પરંતુ નીતિ આયોગની બેઠકમાં ભાગ ન લેવાના કારણે એવું માનવામાં આવે છે કે બિહારમાં ટૂંક સમયમાં સત્તા પરિવર્તન થઈ શકે છે. નીતીશ કુમાર અને ભાજપ વચ્ચેના સંબંધોમાં આવેલી ખટાશને દૂર કરવા ભાજપની ટોચની નેતાગીરી સક્રિય બની હતી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નીતિશ કુમાર સાથે ફોન પર વાત કરી હતી પરંતુ નીતીશકુમારે અમિત શાહની વાત માની ન હતી અને ભાજપ સાથે છેડો ફાડી નાખ્યો હતો ભાજપ સાથે છેડો ફાડયા બાદ ભાજપ નેતાઓમાં એવી ચર્ચા જોરો પર છે કે જેપી નડ્ડાનું નિવેદન નીતિશ કુમારની નારાજગીને વેગ આપવાનું કામ કર્યું છે.

એ યાદ રહે કે તાજેતરમાં બિહારમાં ભારતીય જનતા પાર્ટીના સાત મોરચાની સંયુક્ત રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જેપી નડ્ડા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા. આ દરમિયાન જેપી નડ્ડાએ પ્રાદેશિક પક્ષોને લઈને મોટું નિવેદન આપ્યું હતું. ત્યારથી બિહારના રાજકારણમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે.

ભાજપના કાર્યકરોને સંબોધતા જેપી નડ્ડાએ કહ્યું હતું કે જો ભાજપ પોતાની વિચારધારામાં આગળ વધવાનું ચાલુ રાખશે તો આવનારા સમયમાં પ્રાદેશિક પક્ષો ખતમ થઈ જશે અને માત્ર ભાજપ જ બચશે. જેપી નડ્ડાના આ નિવેદનથી નીતીશ કુમાર નારાજ હોવાનું કહેવાય છે. જો કે, અમિત શાહે આ ૭બેઠકમાં જેપી નડ્ડાના નિવેદન પર ડેમેજ કંટ્રોલ કરતા કહ્યું કે ભાજપ ગઠબંધન ધર્મનું પાલન કરશે અને બિહાર વિધાનસભાની ચૂંટણી જેડીયુ સાથે મળીને લડશે.

જેપી નડ્ડાના નિવેદન પર જદયુએ પ્રતિક્રિયા આપી છે. જેડીયુના પ્રવક્તા નીરજ કુમારે જેપી નડ્ડાના નિવેદન પર કહ્યું હતું કે રાષ્ટ્રીય પક્ષો લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતર્યા નથી, જેના કારણે પ્રાદેશિક પક્ષો ઉભરી આવ્યા છે. પ્રાદેશિક પક્ષોની લોકપ્રિયતાને કારણે દેશમાં ગઠબંધનની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં લોકશાહી છે, તેથી હંમેશા પ્રાદેશિક અને રાષ્ટ્રીય બંને પક્ષો રહેશે.

નીતીશ કુમારની ભાજપથી નારાજગીના ઘણા કારણો આપવામાં આવી રહ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, બિહાર વિધાનસભાના અધ્યક્ષ વિજય સિંહા અને નીતિશ કુમાર વચ્ચેના સંબંધો સારા નથી. તે જ સમયે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપની સત્તામાં વાપસી બાદ, જેડીયુને કેન્દ્રીય કેબિનેટમાં માત્ર એક જ બેઠક મળી. કહેવામાં આવી રહ્યું છે કે પીએમ મોદીના એક દેશ અને એક ચૂંટણીના પ્રસ્તાવથી નીતીશ કુમાર ખુશ નથી. બિહાર વિધાનસભાની ચૂંટણી ૨૦૨૦માં યોજાઈ હતી. આ ચૂંટણીમાં જદયુ અને ભાજપ સાથે મળીને લડ્યા હતા. ભાજપને સૌથી વધુ બેઠકો મળી છે. જ્યારે જદયુની બેઠકો ઓછી હોવા છતાં ભાજપે નીતિશ કુમારને સીએમ બનાવ્યા.

## 'પલ્ટુ રામ પીએમ બનવા માંગે છે, ગઠબંધન તોડતા નીતિશ પર ગિરિરાજ સિંહે પ્રહાર કર્યો



### નીતીશકુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે ચુંટણી લડયા જીત્યા અને હવે ચાલ્યા ગયા,જનાદેશનું અપમાન થયું છે : રવિશંકર પ્રસાદ

નવીદિલ્હી,તા.૯

બિહારમાં નીતિશ કુમારે એનડીએની સાથે છેડો ફાડી નાખ્યો છે અને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે અને રાજદ કોંગ્રેસ અને જદયુના મહાગઠબંધનમાં ફરી મુખ્યમંત્રી બનશે જો કે તેમણે આઠ વર્ષમાં બીજી વખત તેમના સહયોગી ભારતીય જનતા પાર્ટી સાથે સંબંધો તોડી નાખ્યા છે. ભાજપે આ ગઠબંધનને બચાવવા માટે અથાક પ્રયાસો કર્યા હતા. કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોરે પોતે મંગળવારે કહ્યું હતું કે ભાજપ ઈચ્છે છે કે નીતિશ મુખ્યમંત્રી તરીકે ચાલુ રહે.આ દરમિયાન ભાજપના કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે ભાજપે તેના ગઠબંધન ધર્મનું પાલન કર્યું છે અને નીતિશ અલગ થાય છે તો તે તેમનો પોતાનો નિર્ણય છે. તેમણે કહ્યું કે, આ નિર્ણય નીતીશ જીનો નિર્ણય છે. આ દરમિયાન ગિરિરાજ સિંહે નીતિશને 'પલ્ટુ રામ' પણ કહ્યા હતા.

આ સમગ્ર ઘટનાક્રમ પર ગિરિરાજ સિંહે કહ્યું કે અમે હંમેશા ગઠબંધનના ધર્મનું પાલન કર્યું છે અને ગઠબંધનની ગરિમાને જાળવી રાખી છે. ×જ્યારે અમારી પાસે ૬૩ ધારાસભ્યો હતા અને તેમની પાસે ૩૬ હતા, ત્યારે પણ અમે તેમને મુખ્યમંત્રી બનાવ્યા.

આજે નીતિશ ખરીદી કરતા જોવા મળે છે,× ગિરિરાજ સિંહે રાજ્યમાં ભાજપ સાથે ગઠબંધન તોડવા માટે જદયુના વડાની ટીકા કરી આક્ષેપ કર્યો કે નીતીશની વડા પ્રધાન બનવાની આકાંક્ષાએ તેમને જોડાણ તોડવા માટે દબાણ કર્યું. ગિરિરાજ સિંહે કહ્યું, ×પલટુરામ આ ગયે પલટ કે.× ચાર દાયકાની રાજકીય કારકિર્દીમાં જદયુ વડાએ તેમના ઘણા સાથી પક્ષોને બદલી નાખ્યા છે. તેમણે ચાર વખત ભાગીદારો બદલ્યા, તેમને 'પલ્ટુ રામ'નું બિરુદ મળ્યું. જો કે, આ એવોર્ડ બીજા કોઈએ નહીં પણ તેમના જૂના અને નવા સાથીદાર લાલુ પ્રસાદે આપ્યો હતો.

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે વધુમાં કહ્યું કે તેમને કોઈ અફસોસ નથી કે પાર્ટીએ બિહારમાં જદયુ સાથે ગઠબંધન કર્યું નથી. તેમણે કહ્યું કે ભાજપે કોઈને શરણે નથી કર્યું, તે હંમેશા પોતાના સિદ્ધાંતોને સમર્પણ કરે છે. ભાજપને કોઈ પ્રશ્ન ન કરી શકે કે તેણે ગઠબંધનના ધર્મનું પાલન કર્યું નથી.

દરમિયાન પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે પણ નીતીશકુમાર પર પ્રહારો કર્યા હતાં તેમણે જણાવ્યું હતું કે નીતીશકુમાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે ચુંટણી જીત્યા હતાં તેમની પાસે ઓછી બેઠકો હોવા છતાં ભાજપે તેમનો મુખ્યમંત્રી બનાવ્યા આમ છતાં તેઓ ભાજપ સાથ છોડી ચાલ્યા ગયા છે આ બિહારની જનતાનું અપમાન છે નીતીશકુમાર બિહારની જનતાનું અવારનવાર અપમાન કરે છે. તેમણે કહ્યું કે નીતીશકુમારની રાજકીય મહત્વાકાંક્ષાનો બિહારની જનતા જવાબ આપશે.તેમણે કહ્યું હતું કે નીતીશકુમાર કહે છે કે ભાજપમાં શ્વાસ ઘુંટાતો હતો જો નીતીશકુમારને શ્વાસ ઘુંટાતો હતો તો બે વર્ષથી કેમ ભાજપ સાથે રહ્યાં હતાં.નીતીશકુમાર રાજદની ટીકા કરતા હતાં અને હવે રાજદની સાથે મળી મુખ્યમંત્રી બની રહ્યાં છે આ જનતાનું અપમાન છે.

## તંત્રી સ્થાનેથી...

# મુસલમાનોને શા માટે ડરાવાય છે ?

એનઆરસીનો મુસદ્દો જાહેર થતાં નાગરિક્તા સામે પ્રશ્ન ઉભો થયો અને તે પહેલાં ગૌહત્યાના સંદર્ભમાં ટોળા દ્વારા થયેલા હુમલાઓના સંદર્ભે ટાંકીને જે ધમાલ ટીવી ચેનલો પર મચી રહી તેથી મુસ્લિમોમાં સ્વાભાવિકે ભય ફેલાઈ રહ્યો છે. ટીવી માધ્યમો પોતાના ટીઆરપીને ધ્યાનમાં લેતી હશે પણ આ આગ મૂળ તો રાજકીય ક્ષેત્રોમાં લાગી રહી છે. માધ્યમો તો એક અરિસો છે. સમાજમાં જે બને છે તે આ અસ્સિામાં દેખાય છે. હા ટીવી ચેનલો પર આવા પ્રશ્નો પર ચર્ચા થાય છે ત્યારે તેમાં ભાગ લેતા રાજકારણીઓ અને વિશ્લેષકો આ આગમાં ઘાસલેટ રેડી રહ્યા છે. સામાન્ય રીતે ચૂંટણીઓ હોય ત્યારે થોડા મરચા મસાલા ભરેલી વાતો તો આપણે સાત દાયકાથી સાંભળતા આવ્યા છીએ પણ દેશ પર ભાજપનું શાસન આવ્યું છે તે સહી નહીં શકતા પરિબળો ભાજપને અને તેની સરકારને બદનામ કરવા માટે માસ હિસ્ટીરિયા ઉભું કરી રહ્યા છે.

મોબ હત્યાના નામે જે રાડારાડ થાય છે તે આજની વાત નથી. ઘણી ઘટનાઓમાં સમુહ એટલે કે ટોળા દ્વારા હત્યાની ઘટનાઓ આ દેશમાં દાયકાઓથી બનતી રહે છે. ક્યાંક આંતર્જ્ઞાતિય કે આંતરધર્મીય લગ્નની ઘટના બને ત્યારે આવી હત્યા થતી હોય છે. તેવી જ રીતે ગૌહત્યા જેવી સંવેનદશીલ ઘટના બને ત્યારે પણ આવા હુમલા થવાના બનાવો પહેલાં બનતા રહ્યા છે. કોંગ્રેસના સમયમાં ૧૯૮૪માં દિલ્હી ખાતે શીખોની સામુહિક હત્યાઓ ટોળાઓ ઘારા જ થઈ હતી. આવા હુમલા કે હત્યાઓ થાય તેનો કોઈ બચાવ ન થઈ શકે કે ન તેને યોગ્ય ઠરાવી શકાય. પણ સવાલ એ છે કે આવી ઘટનાઓ રોકવા માટેના પગલાં લેવા કે સૂચવવાના બદલે હાલમાં જ કેમ હોહા મચાવાય છે ? શા માટે તેને લઈ વધુ પડતી ધમાલ મચાવવામાં આવે છે ? દેખીતી રીતે જ આ રાજકારણીઓ કરી રહ્યા છે અને કેટલાક માધ્યમો તેમાં ભાગ ભજવી રહ્યા છે. ભાજપ જનસંઘના રૂપમાં હતો ત્યારે પણ તે સમયના સત્તાધીશોને એનો (જનસંઘનો) ભય હતો એટલે તેની વિરૂદ્ધ મુસલમાનોને ભડકાવવાના પ્રયાસ થતા હતા પણ ત્યારે ટીવી મીડિયા કે સોશ્યલ મીડિયાનું અસ્તીત્વ નહોતું. એટલે તેમાં આ પ્રયાસોની અસર મુસલમાનો પુરતી જ મર્યાદિત હતી. તે પણ મુસલમાનો તેથી જનસંઘથી દૂર રહેતા હતા. પરંતુ આજે જનસંઘ ભાજપના રૂપે સત્તા ઉપર છે. ત્યારે પણ મુસલમાનો આ પક્ષથી દૂર રહે તે હેતુથી તેમનામાં ખોટો ભય ફેલાવાઈ રહ્યો છે.

નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગોધરાના અગ્નિકાંડના પગલે જે રમખાણો ફાટ્યા તે એક આકસ્મિક ઘટના હતી. છતાં મોદીની વધતી પ્રતિભાને દાઘ લગાડવા આ મુદ્દે ખૂબ ઉશ્કેરાટ ફેલાવવામાં આવ્યો. પણ તે પછી ગુજરાત સરકારના દરેક પગલાનો મુસલમાનો સહિત રાજ્યની તમામ જનતાને લાભ મળ્યો છે. મોદી સરકારના પ્રયાસથી વધતા વિકાસની સાથે લોકોની આવકમાં વધારો થયો તેનો લાભ મુસલમાનોને પણ મળ્યો છે. તેથી જ ગુજરાતના મુસલમાનોનો એક મોટો હિસ્સો દેશના બીજા કોઈપણ ભાગ કરતાં ભાજપ સાથે જોડાયો છે. મોદી કેન્દ્રમાં ગયા પછી વિરોધીઓને ભય લાગવા માંડ્યો છે કે જો મોદીને તક મળી રહેશે તો તેઓ દેશભરના મુસલમાનોના દિલ પણ જીતી લેશે. એટલે મળતી હર તક ઝડપીને મોદી અને ભાજપને બદનામ કરવા માટે મુસલમાનોને ડરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

# બોધકથા : કલ્પવૃક્ષ

કલ્પવૃક્ષ કે કલ્પતરૂ તરીકે ઓળખાતા વૃક્ષનું વર્ણન પુરાણોમાં એક ઈચ્છાપૂર્તિ કરનાર દિવ્યવૃક્ષ તરીકે કરવામાં આવેલ છે.કલ્પવૃક્ષ સમુદ્રમંથન સમયે ચૌદ રત્નોમાંનું એક છે,એવું માનવામાં આવે છે કે જયારે આ વૃક્ષ સમુદ્રમંથનમાંથી બહાર આવ્યું ત્યારે તે દેવરાજ ઈન્દ્રએ સ્વર્ગના ઉપવનમાં આ વૃક્ષની સ્થાપના કરી.પદ્મપુરાણ મુજબ પારિજાત એ જ કલ્પતરૂ છે,આ વૃક્ષ પુષ્કળ સકારાત્મક ઉર્જાથી ભરેલું હોય છે.

એક ઘનઘોર જંગલમાં કલ્પવૃક્ષનું વૃક્ષ હતું,જેની નીચે બેસીને જે કોઇ ઈચ્છા કરવામાં આવે તે તુરંત પુરી થઈ જતી હોય છે.ઘનઘોર જંગલમાં જવાની કોઈ હિંમત કરી શકતું ન હતું તેથી આ કલ્પવૃક્ષ વિશે ઘણા ઓછા લોકોને ખબર હતી.

એકવાર સંયોગવશાત એક વ્યાપારી આ જંગલમાંથી પસાર થતા હતા ત્યારે બહુ જ થાકી ગયો હતો તે આ કલ્પવૃક્ષ નીચે આરામ કરવા માટે બેસે છે,તેને ખબર પણ ના પડી કે ક્યારે તેને ઉંઘ આવી ગઈ. જાગતાંની સાથે જ તેને ભૂખ લાગે છે,આસપાસ જોઈને વિચાર કરે છે કે કાશ..કંઈક ખાવાનું મળી જાય તો..! તત્કાલ સ્વાદિષ્ટ પકવાનોથી ભરેલી થાળી હવામાં તરતી તરતી તેની સામે આવી ગઈ.

વ્યાપારીએ પેટભરીને ખાધું અને ભૂખ શાંત થતાં વિચારવા લાગ્યો કે જો કંઈક ઠંડુ પીણું મળી ગયું હોત તો..તત્કાલ તેની સામે હવામાં તરતાં અનેક શરબત આવી ગયા,શરબત પીધા પછી તે આરામથી બેસીને વિચારવા લાગ્યો કે હું સ્વપ્ન તો નથી જોઈ રહ્યો? આ રીતે આકસ્મિક અવકાશમાંથી ખોરાક અને ઠંડા પીણા પ્રગટ થતા તો મેં ક્યારેય સાંભળ્યું કે જોયું નથી.ચોક્કસ આ વૃક્ષ ઉપર કોઈ ભૂત રહેતું હશે જે મને ખવડાવી-પીવડાવીને પછી મને જ ખાઈ જશે..આવું વિચારતાં જ તત્કાળ તેની સામે એક ભૂત આવે છે અને તેને ખાઈ જાય છે.

આ પ્રસંગ અમોને એ પ્રેરણા આપે છે કે અમારૂં મન મસ્તિષ્ક જ ઈચ્છાપૂર્તિરૂપી કલ્પવૃક્ષ છે.જે ચીજવસ્તુઓની પ્રબળ કામનાઓ કરીએ છીએ તે આપણને અવશ્ય મળે છે.મોટાભાગના લોકોના જીવનમાં ખરાબ ચીજો એટલા માટે મળે છે કારણ કે તેઓ ખરાબ ચીજવસ્તુઓની કામના કરતા હોય છે.માનવી મોટાભાગે એવું વિચારે છે કે વરસાદમાં પલડી જવાથી હું બિમાર ના થઈ જાઉં? અને તે બિમાર પડી જાય છે.માનવ વિચારે છે કે મારૂં કિસ્મત જ ખરાબ છે અને ખરેખર તેનું કિસ્મત ખરાબ બની જાય છે.

આમ અમારૂં અચેતન મન જ કલ્પવૃક્ષની જેમ અમારી ઈચ્છાઓને ઈમાનદારીથી પૂર્ણ કરે છે એટલે અમારે અમારા મનના વિચારોને સાવધાનીથી પ્રવેશ આપવાનો છે.મનમાં આવતા વિચારો જાદુગર જેવા હોય છે તેને બદલીને અમે અમારૂં જીવન બદલી શકીએ છીએ એટલે હંમેશાં સકારાત્મક વિચારો કરવા જોઈએ.

અમે અંર્તમનથી જેવું વિચારીએ છીએ તેવી બહારની દુનિયા દેખાય છે.અમારા વિચારો જ દરેક ચીજવસ્તુઓને સુંદર કે ખરાબ બનાવે છે.સમગ્ર સંસાર અમારી અંદર સમાયેલો હોય છે.તમામ ચીજ વસ્તુઓને પારખવાની જરૂર છે.મન વિચારોનું નામ છે.જો અમારા વિચારો શુધ્ધ અને પવિત્ર છે અને અમોને તેના ઉપર દ્રઢ વિશ્વાસ છે તો પછી તે હલી શકતા નથી.

માણસ નવરો હોય ત?યારે ચિંતા કર્યા કરે છે માટે મનને સતત સેવા સુમિરણ સત્સંગમાં વ?યસ?ત રાખો. બીજું કુવિચારથી ચિંતા ઉભી થાય છે.ખરાબમાં ખરાબ સ?વીકારવાની તૈયારી રાખો,જેથી માનસિક શાંતિ મળશે.ચિંતાનું બીજું કારણ છે:મુઝવણ.Confusion is the Chief Cause of Worry. ક્ષુદ્ર-દુર્બળ વિચારો સાંભળવાથી ચિંતા થશે પરંતુ જે બીજાની ચિંતા કરવા લાગે છે તેના મન ઉપર ચિંતાની ખરાબ અસર થતી નથી.મનના ભાવો,વિચારો,ચિંતન અને મનની પ્રતિક્રિયા આપણા મન અને જીવન પર થતી હોય છે. માણસ પોતાના સંકલ્પો અને ભાવોની જ પ્રતિમૂર્તિ હોય છે.આપણે જેવું વિચારીએ છીએ તેવા જ બની જઈએ છીએ.મન બદલાય તો સ્વભાવ બદલાય છે,વિચાર બદલાય છે અને વિચારો બદલાતાં જ જીવન જીવવાની રીત આપોઆપ બદલાઈ જાય છે. વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# તહેવાર ઉત્સવોનું આધ્યાત્મિક મહત્વ!

રક્ષાબંધન (૧૧.૮.૨૨)

રાખી પૂર્ણિમાને દિવસે વાતાવરણમાં યમલહેરોનું પ્રમાણ વધારે હોય છે. યમલહેરો પુરુષ સાકારત્વ હોય છે. અર્થાત્ તેઓ પુરુષોના દેહમાં વધારે પ્રમાણમાં ગતિમાન થાય છે. એ જ કારણને લીધે યમદૂત અથવા યમરાજને પ્રત્યક્ષ ચિત્ર-સાકારવાની દૃષ્ટિએ સાકારતી વેળાએ પુરુષ સ્વરૂપમાં સાકાર થાય છે. પુરુષોના દેહમાં યમલહેરોનો પ્રવાહ વહેવાનું ચાલુ થાય કે, તેમની સૂર્યનાડી જાગૃત થાય છે અને આ જાગૃત સૂર્યનાડીના આધાર પર દેહમાંની રજ-તમની પ્રબળતા વધીને યમલહેરો પૂર્ણ શરીરમાં પ્રવેશ કરે છે. જીવના દેહમાં યમલહેરોનું પ્રમાણ ૩૦ ટકા કરતાં જો વધારે થાય, તો તેના પ્રાણ જોખમમાં મૂકાવાની શક્યતા હોય છે; તેથી પુરુષમાં રહેલા શિવતત્ત્વને જાગૃત કરીને જીવની સુષુમ્ણાનાડીની કેટલાક અંશે જાગૃતિ કરીને પ્રત્યક્ષ શક્તિબીજ દ્વારા, અર્થાત્ બેનના માધ્યમ દ્વારા પ્રવાહિત થઈ રહેલી યમલહેરોને, તેમ જ તેમને પ્રત્યક્ષ કાર્ય કરવા માટે સહાયતા કરનારી સૂર્યનાડીને રાખીનું બંધન બાંધીને શાંત પાડવામાં આવે છે.

નાગપાંચમ (૧૬.૦૮.૨૨)

નાગપાંચમના દિવસે નાગની પૂજા કરવી, અર્થાત્ સગુણરૂપમાંના શિવજીની પૂજા કરવા જેવું જ છે. વર્તમાન સ્થિતિમાં નાગ ઉપલબ્ધ થતા ન હોવાથી સ્ત્રીઓ પાટલા પર હળદરથી નવનાગની આકૃતિઓ દોરીને તેમનું પૂજન કરે છે. તે દિવસે વાતાવરણમાં આવેલી શિવલહેરો આકર્ષિત થઈને તે જીવને ૩૬૪ દિવસ ઉપયુક્ત નીવડે છે. નાગપાંચમનો તહેવાર દર વર્ષે શ્રાવણ સુદ પાંચમના દિવસે આવે છે. તે દિવસે સ્ત્રીઓ ભાઈના નામે ઉપવાસ કરે છે. જે બહેન ભાઈની ઉન્નતિ માટે ઈશ્વરને તાલાવેલીપૂર્વક પ્રાર્થના કરે છે, તે બહેનનો સાદ ઈશ્વરનાં ચરણો સુધી પહોંચે છે. તે દિવસે ઈશ્વરી રાજ્યની સ્થાપના માટે પ્રત્યેક યુવકને સદ્દબુદ્ધિ, શક્તિ અને સામર્થ્યનો લાભ થાય, તે માટે પ્રાર્થના કરવી. નાગપાંચમને દિવસે કાપવું, સમારવું, તળવું, તેમ જ ભૂમિ ખોદવી, નાંગરવી, આ કૃતિઓ નિષિદ્ધ માનવામાં આવે છે.

જે સ્ત્રી નાગની આકૃતિઓનું ભાવપૂર્ણ પૂજન કરે છે તેને શક્તિતત્ત્વ પ્રાપ્ત થાય છે. નાગપાંચમના દિવસે ઈશ્વર પાસેથી શક્તિનો પ્રવાહ નાગમાં આકર્ષિત થવાથી નાગમાં પરમેશ્વરી તત્ત્વનું વલય નિર્માણ થાય છે અને ચૈતન્યનો પ્રવાહ આકર્ષિત થઈને તેનું પણ વલય નિર્માણ થાય છે. તે વલય કાર્યરત થઈને તેના દ્વારા વાતાવરણમાં શક્તિના પ્રવાહનું પ્રક્ષેપણ થાય છે. તે દિવસે નાગમાં શક્તિનું પ્રમાણ અધિક હોવાથી નાગનું પૂજન કરવાથી પૂજકને શક્તિ મળે છે.

રાંધણ છઠ (૧૭.૦૮.૨૨)

રાંધણ છઠ શ્રાવણ વદ છઠના દિવસે આવે છે. રાંધણ છઠ અને શીતળા સાતમ આ બન્ને તહેવારો એક બીજા સાથે સંબંધિત છે. શીતળા સાતમને દિવસે ચૂલાનો ઉપયોગ કરવામાં આવતો નથી, તેથી તેના આગલા દિવસે અર્થાત્ રાંધણ છઠના દિવસે રસોઈ (મીઠાઈ, અન્ય વાનીઓ) બનાવી રાખવામાં આવે છે. આ વાનીઓ બીજા દિવસે એટલે કે શીતળા સાતમના દિવસે ખવાય છે.

શીતળા સાતમ (૧૮.૦૮.૨૨)

શીતળામાતા એ શ્રીદુર્ગાદેવીનો અવતાર કહેવાય છે. તાવના દેવી તરીકે તેમની ઓળખાણ છે. તેમણે જ્વરાસુર (તાવનો દાનવ) સાથે યુદ્ધ કરીને બાળકોને વિવિધ તાવ (કૉલેરા, ઓરી, અછબડા, શીતલા)માંથી ઉગારીને તેમને ઠંડક પહોંચાડી. તેમના હાથમાં સાવરણી, પંખો અને જળકુંભ હોય છે, તેમજ તેમનું વાહન ગર્દભ (ગધેડો) છે. શીતળા સાતમના દિવસે કોઈએ ચૂલાનો ઉપયોગ કરવામાં આવતો નથી,નહીંતર માતા કોપાયમાન થાય છે, એવી પુરાણોમાં કથા છે.

શીતળા સાતમના દિવસે રાંધણ છઠના દિવસે એટલે કે આગલા દિવસે રાંધેલું ખાવું. આ દિવસે માતાજીને કુલેરનો નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી (૧૯.૦૮.૨૨)

શ્રાવણ વદ પક્ષ આઠમના દિવસે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી છે. આ દિવસે જેઓ શ્રીકૃષ્ણની ષોડશોપચાર પૂજા કરી શકતા હોય, તેમણે તે પ્રમાણે પૂજા કરવી. જેમને શ્રીકૃષ્ણની 'ષોડશોપચાર પૂજા' કરવાનું સંભવ નથી, તેમણે 'પંચોપચાર પૂજા' કરવી. પૂજન કરતી વેળાએ આ નામમંત્ર બોલતાં બોલતાં એક એક ઉપચાર શ્રીકૃષ્ણને અર્પણ કરવો. શ્રીકૃષ્ણ ભગવાનને દહીં-પૌંઆ અને માખણનો નૈવેદ્ય ધરાવવો. ત?યાર પછી શ્રીકૃષ્ણ ભગવાનની આરતી ઉતારવી. (પંચોપચાર પૂજા : ચંદન, હળદર-કંકુ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય આ ક્રમથી પૂજા કરવી.) જે કોઈ કારણસર શ્રીકૃ?ણની પ્રત?યક્ષ પૂજા કરી શકતા નથી, તેમણે શ્રીકૃ?ણની 'માનસપૂજા' કરવી. ('માનસપૂજા'નો અર્થ પ્રત્યક્ષ પૂજા કરવાનું ન ફાવે તો પૂજનના સર્વ ઉપચાર માનસ રીતે (મનથી) શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવા.) પૂજન સંપન્ન થયા પછી થોડો સમય શ્રીકૃષ્ણ ભગવાનનો આ નામજપ કરવો.

શ્રીકૃષ્ણ ભગવાનને તુલસી ચઢાવાય છે. તુલસીમાં કૃષ્ણતત્ત્વ પુષ્કળ પ્રમાણમાં હોય છે. કાળી તુલસી શ્રીકૃષ્ણના મારક તત્ત્વનું, જયારે લીલા પાંદડા ધરાવતી તુલસી, એ શ્રીકૃષ્ણના તારક તત્ત્વનું પ્રતીક છે. કૃષ્ણકમળના ફૂલોમાં શ્રીકૃષ્ણના પવિત્રકો આકર્ષિત કરવાની ક્ષમતા સૌથી વધારે હોવાથી આ ફૂલો શ્રીકૃષ્ણને ચઢાવવા. દેવતાનાં ચરણોમાં ફૂલો વિશિષ્ટ સંખ્યામાં અને વિશિષ્ટ આકારમાં ચઢાવવાથી તે ફૂલો ભણી દેવતાનું તત્ત્વ વહેલું આકર્ષિત થાય છે. તે અનુસાર શ્રીકૃષ્ણ ભગવાનને ફૂલો ચઢાવતી વેળાએ તે ત્રણ અથવા ત્રણગણાં અને લંબગોળાકાર આકારમાં ચઢાવવા. શ્રીકૃષ્ણ ભગવાનને અત્તર ચઢાવતી વેળાએ ચંદનનું ચઢાવવું.

શ્રીકૃષ્ણ એક જ સમયે ઈચ્છા, ક્રિયા અને જ્ઞાન આ ત્રણેય શક્તિઓના સ્તર પર કાર્ય કરી શકે છે; તેથી તેમને પૂર્ણાવતાર એમ કહ્યું છે. શ્રીકૃષ્ણ ભગવાન ઈચ્છા, ક્રિયા અને જ્ઞાન આ ત્રણેય શક્તિઓના સ્તર પર કાર્ય કરે છે. તેના દર્શક તરીકે શ્રીકૃષ્ણ ભગવાનને ઓછામાં ઓછી ત્રણ અથવા ત્રણગણી પ્રદક્ષિણા ફરવી. પ્રત્યેક પ્રદક્ષિણા પછી દેવતાને નમસ્કાર કરીને પછી જ આગળની પ્રદક્ષિણા ફરવી. આ પછી શ્રીકૃ ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આપેલા ' અર્થાત્ 'મારા ભક્તોનો નાશ થતો નથી.' આ વચનનું સ્મરણ કરીને આપણામાં 'અર્જુન પ્રમાણે નિસ?સીમ ભક્તિ નિર્માણ થાય', એ માટે શ્રીકૃ?ણને મનઃપૂર્વક પ્રાર્થના કરવી.'

સંદર્ભ : સનાતન સંસ્થા દ્વારા પ્રકાશિત ધાર્મિક ગ્રંથો

સંપર્ક : ૯૭૨૬૬૪૪૩૮૫

# નીતિશ કુમારે ૧૦ વર્ષમાં ૭ વાર ચોંકાવી દીધા, રાજકારણમાં સફળતાથી પલટવામાં માહેર

પટણા,તા.૯

બિહારના સીએમ નીતિશ કુમારે બીજેપી સાથે ગઠબંધન તોડી નાખ્યું અને ફરી એકવાર તેઓ આરજેડી , કોંગ્રેસ અને ડાબેરી પક્ષો સાથે સરકાર બનાવી રહ્યા છે. નીતીશ કુમારે અચાનક આ નિર્ણય લીધો છે, જેનાથી બિહાર સહિત દેશભરના લોકો ચોંકી ગયા છે. પરંતુ આ પહેલીવાર નથી જ્યારે નીતિશ કુમારે આ રીતે પોતાનું સ્ટેન્ડ બદલ્યું હોય. આ પહેલા પણ તેઓ ૨૦૧૩માં એનડીએ છોડીને આરજેડી અને કોંગ્રેસ સાથે ગયા હતા. ત્યારબાદ ૨૦૧૭માં ફરી એકવાર ભાજપ સાથે ગયા. આ રીતે તેઓ રાજકારણમાં ઘણી વખત સરકારમાં રહેવા માટે પક્ષ બદલી ચૂક્યા છે.

નીતીશ કુમારની બિહારમાં સારી છબી છે અને તેના કારણે તેઓ આરજેડી અને ભાજપને મદદ કરી રહ્યા છે. જેમણે પોતાની શરતો પર જેડીયુ કરતા વધુ સીટો જીતી છે. નીતિશ કુમારે અનેક વખત પોતાના દાવપેચથી રાજકીય પંડિતોને દંગ કરી દીધા છે. ૨૦૦૫માં બીજેપી સાથે મળીને બિહારમાં સરકાર બનાવનાર નીતિશ કુમારે ૨૦૧૨માં પહેલીવાર લોકોને ચોંકાવી દીધા હતા. તેઓ એનડીએમાં હતા, પરંતુ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમણે પ્રણવ મુખર્જીને મત આપ્યો હતો. આ પછી ૨૦૧૩માં જ્યારે બીજેપીએ નરેન્દ્ર મોદીને પીએમ પદના ઉમેદવાર જાહેર કર્યા ત્યારે નીતીશ કુમારે ૧૭ વર્ષ જૂના સંબંધોનો અંત લાવી દીધો હતો.

જેડીયુએ ત્યારબાદ આરજેડી સાથે મળીને ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી લડી હતી, પરંતુ ભાજપની લહેરમાં તેને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ નીતીશ કુમારે આશ્ચર્યજનક રીતે સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને ત્યારબાદ જીતનરામ માંઝી સીએમ બન્યા હતા. જેડીયુએ બિહારમાં ૪૦ લોકસભા સીટોમાંથી માત્ર ૨ જ જીતી હતી. આ પછી નીતિશ કુમારે ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનમાં સામેલ થવાનો નિર્ણય લીધો હતો અને જીત પણ મેળવી હતી. એટલું જ નહીં, જૂન ૨૦૧૭માં જ્યારે તેમણે મહાગઠબંધન સાથે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં યુપીએના મીરા કુમારને બદલે એનડીએના રામનાથ કોવિંદને મત આપ્યો હતો.

એક મહિના પછી, જુલાઈમાં, તેમણે મહાગઠબંધન છોડી દીધું અને ફરી એકવાર ભાજપ સાથે સરકાર બનાવી.

ભાજપ અને જેડીયુ છેલ્લા ૫ વર્ષથી સાથે ચાલી રહ્યા હતા, પરંતુ આ વર્ષે એપ્રિલમાં તેઓએ ફરી એકવાર આશ્ચર્યમાં મૂકી દીધા. નીતિશ કુમારે રાબડીના ઘરે આયોજિત ઈફતાર પાર્ટીમાં ભાગ લીધો હતો. ૫ વર્ષ બાદ આ બેઠક બાદ અટકળો તેજ થઈ ગઈ હતી. જે હવે સમાપ્ત થવા જઈ રહી છે. હવે નીતીશ કુમારે ફરી એકવાર ચોંકાવી દીધા છે અને તેઓ એનડીએ છોડીને કોંગ્રેસ અને રાજદ સાથે મળીને સરકાર બનાવવા જઈ રહ્યા છે.

# ભારત ૧૨ હજારથી ઓછી કિંમતવાળા ચીની ફોન પર પ્રતિબંધ લગાવશે

નવીદિલ્હી,તા.૯

ભારત ચીનને મોટો ઝટકો આપી શકે છે. ઈન્ડિયા ચીની સ્માર્ટફોન નિર્માતાઓને ૧૨,૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતની ડિવાઈસ વેચવા પર પ્રતિબંધ લગાવી શકે છે, જેથી શાઓમી કોર્પ સહિત ઘણી બ્રાન્ડને ઝટકો લાગશે. ભારતીય બજારમાંથી બહિષ્કારથી શાઓમી અને તેના દેશની ઘણી કંપનીઓએ નુકસાન ઉઠાવવું પડશે. જેણે હાલના વર્ષોમાં ભારતમાં મોટું રોકાણ કર્યું, જ્યારે ઘરેલૂ બજાર કોવિડ-૧૯ લૉકડાઉનને કારણે ખતમ થવા પર છે. માર્કેટ ટ્રેકર કાઉન્ટર પ્વાઈન્ટ અનુસાર ૧૫૦ ડોલરથી ઓછી કિંમતના સ્માર્ટફોને જૂન ૨૦૨૨ એક ક્વાર્ટર માટે ભારતના વેચાણની માત્રામાં એક તૃતિયાંશ યોગદાન આપ્યું, ચીની કંપનીઓએ આ શિપમેન્ટમાં ૮૦ ટકાનું યોગદાન આપ્યું. ભારત સરકારે પહેલા જ દેશમાં કામ કરી રહેલી ચીની ફર્મો, જેમ કે શાઓમી, ઓપ્પો અને વીવો પર મની લોન્ડ્રિંગના આરોપ લાગ્યા છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર આ પગલાથી એપ્પલ ઈંક કે સેમસંગ ઈલેક્ટ્રિક્સ કંપનીએ પ્રભાવિત ન થવું જોઈએ, જે તેના ફોનની કિંમત વધુ છે. Xiaomi, Realme અને Transsion ના પ્રતિનિધિઓએ કોમેન્ટ્સનો જવાબ ન આવ્યો. જાણવા મળી રહ્યું છે કે ભારતના ટેક્નોલોજી મંત્રાલયના પ્રવક્તાઓએ પણ બ્લૂમબર્ગ ન્યૂઝના સવાલનો જવાબ આપ્યો નહીં.

લાવા અને માઈક્રોમેક્સ જેવી ઘરેલૂ કંપનીઓએ ભારતના સ્માર્ટફોનના વેચાણમાં અડધાથી ઓછી ભાગીદારી સામેલ કરી છે. ચીની સ્માર્ટફોન ખેલાડી હવે ભારતમાં મોટા ભાગનો સામાન વેચે છે, પરંતુ તેનું બજાર પ્રભુત્વ સ્વતંત્ર અને નિષ્પક્ષ હરિફાઈના આધાર પર નથી. હકીકતમાં એક સમાચાર અનુસાર વ્યક્તિગત રીતે સરકાર ચીની અધિકારીઓને સ્થાનીક સપ્લાય ચેન, ડિસ્ટ્રીબ્યૂટર નેટવર્ક બનાવવા અને ભારતથી નિર્યાત કરવા માટે કહી રહી છે.

હકીકતમાં એલએસી પર ભારત અને ચીન વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં ઘણા ભારતીય સૈનિકોના શહીદ થયા બાદ ભાકતે વર્ષ ૨૦૨૨ની ગરમીમાં ચીની ફર્મો પર દબાવ વધારી દીધો હતો. ત્યારથી ઈન્ડિયાએ ટેન્સેન્ટ હોલ્ડિંગ્સ લિમિટેડની વીચેટ અને બાઈટડાન્સ લિમિટેડના ટિકટોક સહિત ૩૦૦થી વધુ એપ પર પ્રતિબંધ લગાવી દીધો છે, કારણ કે બંને દેશો વચ્ચે તણાવ ચાલી રહ્યો છે.

# તેલંગાણાના ભાજપ નેતા ગનાનેન્દ્ર પ્રસાદે આત્મહત્યા કરી,મૃતક નેતાની કોઈ સુસાઈડ નોટ મળી નથી

હૈદરાબાદ, તા.૯

તેલંગાણામાં BJP નેતા ગનાનેન્દ્ર પ્રસાદ પોતાના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે, અમને સોમવારે તેમના ઘરેથી આત્મહત્યાની સૂચના મળી હતી. ગનાનેન્દ્ર પ્રસાદ પંખાની મદદથી ફાંસી લગાવી લીધી હતી. હજુ સુધી આત્મહત્યાનું કારણ જાણવા નથી મળ્યું. તપાસ ચાલું છે.

પોલીસે કહ્યું કે, ગનાનેન્દ્ર પ્રસાદ સરલિંગમપલ્લી મતવિસ્તારથી પાર્ટીની રાજ્ય કાર્યકારી સમિતિના સદસ્ય હતા.

# કેબિનેટ વિસ્તરણમાં પંકજા મુંડેની સૂચક ગેરહાજરી રાજ્યમાં ચર્ચાનો વિષય બની

મુંબઈ,તા.૯

મહારાષ્ટ્રમાં આજે શિંદે કેબિનેટનો વિસ્તાર કરવામાં આવ્યો હતો જેમાં જેમાં શિંદે જૂથના ભાજપના ૯ અને શિવસેનાના ૯ મંત્રીઓએ શપથ લીધા. પરંતુ આ મંત્રીમંડળમાં એક પણ મહિલાએ શપથ લેવડાવ્યા નથી. આ પર કટાક્ષ કરતા એનસીપી સાંસદ સુપ્રિયા સુલેએ ટ્વીટ કરીને પીએમ નરેન્દ્ર મોદીને સીધો સવાલ કર્યો કે, 'તમે કહો છો કે મહિલાઓ ગૃહિણી બને છે અને રાષ્ટ્ર નિર્માતા પણ બને છે. પરંતુ ભાજપ અને શિંદે જૂથની સરકારમાં એક પણ મહિલાને મંત્રી બનાવવામાં આવી ન હતી. બીજી મહત્વની વાત એ સામે આવી છે કે આ કાર્યક્રમમાં પંકજા મુંડે હાજર નહોતા.કેબિનેટ વિસ્તરણમાં કેમ કોઈ મહિલાને સ્થાન ન મળ્યું? જવાબમાં, શિંદે જૂથના મુખ્ય દંડક ભરત ગોગાવલેએ કહ્યું કે આ કેબિનેટ વિસ્તરણનો પ્રથમ તબક્કો છે. થોડી ધીરજ રાખો, ભવિષ્યમાં મહિલાઓને સામેલ કરવામાં આવશે. પરંતુ ભાજપ તરફથી કોઈએ જવાબ આપ્યો નથી કે કેબિનેટ વિસ્તરણમાં પંકજા મુંડેની ગેરહાજરીનું કારણ શું છે? શું ફડણવીસ અને મુંડે વચ્ચે ઝઘડો યથાવત છે? જોકે કાર્યક્રમમાં પંકજાના નજીકના વિનોદ તાવડે હાજર હતા. આ બંનેએ રાજ્યના રાજકારણમાં ફડણવીસ સામે બળવાનું બ્યુગલ ફૂંક્યું હતું. આ પછી કેન્દ્રીય નેતૃત્વએ બંનેને રાષ્ટ્રીય રાજકારણમાં ખેંચી લીધા હતા. બાદમાં એવા અહેવાલો આવ્યા હતા કે પંકજા અને ફડણવીસ વચ્ચે બધુ બરાબર છે. જ્યારે ફડણવીસ નાયબ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓ તેમની સાથે ચાલતા જોવા મળ્યા હતા. પરંતુ આજે કેબિનેટ વિસ્તરણમાં તે આવ્યા ન હતા. એવું શા માટે? આ બાબત રાજ્યમાં ચર્ચાનો વિષય બની ગયો છે.અઢી વર્ષ સત્તાથી દૂર રહ્યા બાદ મહારાષ્ટ્રમાં શિંદે જૂથ સાથે ભાજપની સરકાર બની હતી. મંત્રીમંડળના વિસ્તરણને લગતા આ કાર્યક્રમમાં કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી રાવ સાહેબ દાનવે સહિત ઘણા કેન્દ્રીય નેતાઓ હાજર હતા, માત્ર પંકજા મુંડે ગાયબ હતા. તે નારાજગીના કારણે આવી ન શક્યા હતા કે પછી તે અન્ય કોઈ કામમાં વ્યસ્ત હતા તે ચર્ચાનો વિષય બની રહે છે. અથવા એક કારણ એ પણ હોઈ શકે છે કે મંત્રીમંડળના વિસ્તરણમાં તેમના સમર્થકોને તક મળી નથી. પરંતુ સવાલ એ પણ છે કે શું ફડણવીસના સમર્થકોને મંત્રી બનવાની તક મળશે ?જો કે, કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો ન હતો. પરંતુ તેણે આનું કારણ પહેલેથી જ જણાવી દીધું હતું. તેની ભાભીના અવસાનને કારણે તે કણકવલીમાં છે અને તેના કારણે તે કાર્યક્રમમાં હાજર રહી શકશે નહીં, તે અંગે તેણે પહેલેથી જ જાણ કરી દીધી હતી. પરંતુ પંકજા મુંડે કેટલાક અનિશ્ચિત કારણોસર આવ્યા ન હતા.ભાજપના ૯ મંત્રીઓએ શપથ લીધા, તે તમામ ફડણવીસના વિશ્વાસુ છે શપથ ગ્રહણ કરનારા ભાજપના ૯ મંત્રીઓમાં ચંદ્રકાંત પાટીલ, અતુલ સેવ, ગિરીશ મહાજન, સુધીર મુનગંટીવાર, રવિન્દ્ર ચવ્હાણ – આ તમામને ફડણવીસના વિશ્વાસુ માનવામાં આવે છે. મંત્રી તરીકે શપથ લેનાર એક પણ ધારાસભ્ય પંકજા મુંડેનો સમર્થક નથી. કદાચ પંકજા મુંડેના કેબિનેટ વિસ્તરણ કાર્યક્રમમાં ન આવવા પાછળનું આ એક કારણ હોઈ શકે છે.

# એશિયામાં શરણાર્થીઓને સમાવતા ટોચના ત્રણ દેશમાં ભારતનો સમાવેશ

નવીદિલ્હી,તા.૯

દક્ષિણ પૂર્વ એશિયામાં ૨૦૨૦માં આંતરરાષ્ટ્રીય માઈગ્રન્ટ અને શરણાર્થીઓને આશ્રય આપનારા ટોચના ત્રણ દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. અન્ય બે દેશોમાં બાંગ્લાદેશ અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે, એમ વિશ્વ આરોગ્ય સંસ્થાના એક વૈશ્વિક રીપોર્ટમાં જણાવાયું હતું. શરણાર્થીઓ અને માઈગ્રન્ટના આરોગ્ય અંગેના પ્રથમ ડબ્લ્યુએચઓ રીપોર્ટમાં જણાવાયું છે કે હાલમાં વિશ્વના દરેક આઠમાં એક વ્યક્તિ એટલે કે આશરે એક અબજ માઈગ્રન્ટ છે.

આ રીપોર્ટ શરણાર્થીઓ અને માઈગ્રન્ટના આરોગ્યની પ્રથમ વૈશ્વિક સમીક્ષા છે અને માઈગ્રન્ટ્સને આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત કરવાના સામુહિક પગલાંનો અનુરોધ કરે છે. ભારતમાં ઈન્ટરનેશનલ માઈગ્રન્ટની સંખ્યા આશરે ૪૮.૭૮ લાખ છે, જે કુલ વસતિના ૦.૪ ટકા થાય છે. આ આંતરરાષ્ટ્રીય માઈગ્રન્ટમાંથી શરણાર્થીઓ અને આશ્રય માગનારા લોકોની સંખ્યા આશરે ૨.૦૭ લાખ હતી, જે કુલ માઈગ્રન્ટના ૪.૨ ટકા છે. દક્ષિણ પૂર્વ એશિયાના દેશો બીજા વિસ્તારોમાં અને ખાસ કરીને નોર્થ અમેરિકા, યુરોપ, ગલ્ફ દેશો અને ઓસ્ટ્રેલેશિયામાં માઈગ્રન્ટ મોકલે છે.

આંતરરાષ્ટ્રીય માઈગ્રન્ટનો પ્રવાહ મ્યાનમારમાંથી થાઈલેન્ડ આવે છે. આ ઉપરાંત નેપાળ, બાંગ્લાદેશ અને ભુતાનના માઈગ્રન્ટ ભારતમાં આવે છે. મ્યાનમારમાંથી રોહિંગ્યા શરણાર્થી સૌથી મોટું શરણાર્થી ગ્રૂપ છે. આશરે ૧૦ લાખ રોહિંગ્યાનું આ ગ્રૂપ બાંગ્લાદેશમાં છે. શરણાર્થીઓના નાના જૂથોમાં થાઈલેન્ડ-મ્યાનમાર બોર્ડર પરના જૂથ, ભારતમાં શ્રીલંકાના શરણાર્થીઓ અને નેપાળમાં ભુતાની શરણાર્થીઓનો સમાવેશ થાય છે. ઈન્ડોનેશિયામાં રહેલું શરણાર્થીઓનું ગ્રૂપ ઓસ્ટ્રેલિયામાં જવાની રાહ જોઈ રહ્યું છે.

રીપોર્ટમાં જણાવ્યા અનુસાર યુએઈમાં થયેલા અભ્યાસમાં જણાયું છે કે બાંગ્લાદેશ, ભારત અને પાકિસ્તાનના માઈગ્રન્ટ વર્કર્સમાં હાઈપરટેન્શનનું પ્રમાણ ૩૦.૫ ટકા હતું. આની સામે સ્થાનિક લોકોમાં તે ૧૪.૦ ટકા હતું. અમેરિકામાં માઈગ્રેન્ટના અભ્યાસમાં જણાયું છે કે દક્ષિણપૂર્વ એશિયા અને રશિયન ફેડરેશનના માઈગ્રન્ટમાં હાઈપરટેન્શનનું પ્રમાણ સૌથી ઊંચું હતું.

રીપોર્ટમાં જણાવ્યા અનુસાર અમેરિકા ખંડ અને એશિયા (ખાસ કરીને ચીન, ભારત, ફિલિપાઈન્સ)માંથી નોર્થ અમેરિકા તરફ મોટાપાયે માઈગ્રેશન થાય છે.

# બારાખાડી ગામમાં સ્ત્રીને બદલે પુરૂષ હળ ચલાવે

પહેલાના જમાનામાં ખેતી ઉતમ કહેવાતી. વ્યક્તિ કેટલો સમૃદ્ધ છે તે તેની પાસે કેટલી જમીન છે તેના આધારે નક્કી થતી. સાલી આધી ઘરવાલી હૈ એવું કહેવાય છે, સાચું ખોટું રામ જાણે કેટલાક બનેવી આ રૂઢિપ્રયોગના રૂઢ અર્થ પર આરૂઢ થઈ સાળી માટે લંગશિયા નાંખતા હોય છે. ક્યારેક સાળી પણ બહેનનો સંસાર ઉજાડવામાં યત્કિંચિત્ યોગદાન આપતી હોય છે. આવા અપવાદો બાદ કરતા સાળી બનેવીના સંબંધો દિયર-ભાભી કે નણંદોઈ-સાળાવેલીની સંબંધો ગૌરવપૂર્ણ અને ગંગાજમના જેવા રહે છે! ખેતી કરનાર માટે પશુપાલન એ સાળી આધી ઘરવાળી જેવી પ્રવૃતિ છે. ચોલી દામન જેવો સંબંધ હોય છે. એ જમાનામાં ખેતી ઉતમ, વેપાર મધ્યમ અને નોકરી કનિષ્ટ કહેવાતું. આપણો દેશ સોનાની ચિડીયા કહેવાતી . આપણા દેશમાં સતત યુધ્ધોને લીધે લોહીની નદી વહેતી. બાકીના સમયમાં ઘી-દૂધના નદીઓ વહેતી. ( દૂધ તો માનો કે સમજ્યા ભૈ. આઠ કે દસ ફેટનું હોય નદીમાં દૂધ વહી શકે પણ ઘી નદીમાં ઉનાળા-ચોમાસામાં સરળતાથી સડસડાટ વહે .પણ, બોસ શિયાળામાં ઘી જામી જાય તો કેવી રીતે વહેતું હશે? કોઈ જાણકાર ફોડ પાડજો!!!)

ખેતી માટે બળદ એ કલ્પતરું સમાન છે. ખેતરમાં ખેડવા, વાવણી કરવા, ખાતર નાંખવા વગેરે કામમાં બળદની જરૂર રહે છે. ખેડૂતો બળદને સગા દીકરા કરતાં વધુ લાડ લડાવે છે. એના ચારા પાણીમાં સવિશેષ ધ્યાન આપે છે. ઘર થી ખેતર અને ખેતરથી ઘરે જવા માટે ગાડે બળદ જોડવામાં આવે છે!! જેમ સીતારામ કે રાધેશ્યામ બોલવામા આવે છે તેમ બળદગાડું કહેવામાં આવે છે. જે સ્વયંમ બળદનું મહિમાગાન અને મહિમામંડન કરે છે!!

ગધેડાની જેમ બળદની પણ બહુ ઓછી કદર થાય છે અથવા થતી નથી. બળદમાં અક્કલનું તત્વ કેટલું છે તે અંગે તો અધિકૃત રીતે કશું રહેવાયું હોય તેમ બિનાધારભૂત કે આધારભૂત વિશ્વસનીય કે અવિશ્વસનીય સ્રોતમાંથી જાણવા મળ્યું નથી. બળદ ગૌવંશ છે. બળદ અને આખલા વચ્ચે સંભવતઃ પ્રજોત્પતિક્ષમતાનો છે! કેટલાય બબુચકોને બુધ્ધિનો બળદ કહીને વ્યક્તિને નહીં પણ બળદને ઉતારી પાડીએ છીએ!!!

શિવજીના આ સ્વરૂપની રચના કલાકારોએ પૌરાણીક કથાઓમાં કરવામાં આવેલા ભગવાન શિવના ચરિત્ર ચિત્રણના આધારે કરી છે. બળદ તેમનું વાહન છે. નંદી વૃષભ એટલે કે બળદ છે. બળદ ગૌવંશ હોય છે. ધાર્મિક દ્રષ્ટિએ પણ બળદનું ઘણું મહત્વ માનવામાં આવે છે. પૌરાણીક ગ્રંથોમાં તો બળદ એટલે વૃષભને ધર્મનું પ્રતિક પણ માનવામાં આવે છે. ધર્મ રૂપી આ બળદના ચાર પગ ચાર પુરુષાર્થો તરફ ઈશારો કરે છે જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. એટલે તેની પ્રાપ્તિ શિવની કૃપાથી જ થાય છે. બળદ આમ તો ભગવાન શિવનું વાહન છે, એટલા માટે ગૌવંશનું રક્ષણ કરવાનું ધાર્મિક મહત્વ પણ છે.

મેહબૂબ ખાનની 'મધર ઈન્ડિયા'માં બળદગાડાની દોડનો દ્રશ્ય ખૂબ રસપ્રદ બની ગયો હતો. ૧૯૫૯માં ફિલ્મકાર વિલિયમ બાઉલરની ફિલ્મ 'બેનહર'માં રથની દોડનો ભાગ ફિલ્મના બીજા યુનિટના ડિરેક્ટર અને કેમેરામેને શૂટ કર્યું હતું. દર્શ વારંવાર જોવા આવ્યા અને ફિલ્મની લોકપ્રિયતાનો શ્રેય તેને આપવામાં આવ્યો. ફિલ્મ 'નયા દૌર'માં પણ ઘોડાગાડી અને બસની દોડ મનુષ્ય વર્સેસ મશીનની કોમ્પિટિશનનું પ્રતીક બની.બિમલ રૉયની બલરાજ સાહની અભિનીત ફિલ્મ 'દો બીઘા જમીન'માં એક ખેડૂત મહાજનના પંજાથી મુક્ત કરાવવા માટે મહાનગરમાં હાથ રિક્ષા ચલાવે છે. બે રિક્ષામાં બે જાડા લોકો વચ્ચે પરસ્પર અંહકારના કારણે મંજિલ સુધી પહોંચવા માટે હોડ થાય છે. રિક્ષા ચલાવનારના પ્રાણની વાત આવી જાય છે. દાયકાઓ પછી ઓમ પુરી અભિનીત 'સિટી ઑફ જોય'નું પ્રદર્શન થયું. પ્રેમચંદની બે બળદની કથાથી પ્રેરિત 'હીરા-મોતી' નામની ફિલ્મની પ્રશંસા થઈ હતી. ટ્રેક્ટરના આવવાથી બળદનું મહત્વ ઓછું થઈ ગયું છે. રાજકીય સ્વતંત્રતાના સમયે કોંગ્રેસની ચૂંટણીનો નિશાન બળદની જોડ હતું.

વલસાડ જિલ્લામાં આદીવાસી સમાજના લોકો મોટાભાગે ડાંગરની ખેતી કરે છે. ત્યારે વર્ષોની પરંપરા મુજબ ડાંગરના પાકને નજર ન લાગે એ માટે ડાંગરના ખેતરમાં કાળા રંગનો પાક રોપવામાં આવે છે. લોકોનું માનવું છે કે, આ પ્રકારનો પાક ખેતરમાં રોપવાથી ડાંગરને નજર લાગતી નથી. ડાંગ જિલ્લો ૧૦૦ટકા આદિવાસી વિસ્તાર છે. અહીં વર્ષોથી ડુંગરોમાં વસતા આદિવાસીઓ પારંપરિક ખેતી કરતા આવ્યા છે. પદ્ધતિઆદિવાસીઓ પારંપરિક પૂજા કર્યા બાદ જ બીજને જમીનમાં નાંખે છે. જેને સ્થાનિક ભાષામાં બી બાટવવું પણ કહેવામાં આવે છે. ડુંગરાળ પ્રદેશમાં રહેનારા આદિવાસીઓ ડુંગરોમાં ખેતી કરે છે, ત્યારે પાક આવ્યા બાદ ડુંગર દેવની પૂજા કરે છે. જે સતત ૩થી ૫ દિવસનો તહેવાર હોય છે. ડુંગર દેવની પૂજા પાછળ પણ માન્યતા રહેલી છે. આહીંના લોકો માને છે કે, ડુંગર ઉપર ખેતી કરવામાં આવે, ત્યારે ડુંગર દેવની માવલી ખેતીનું રક્ષણ કરે છે.

નર્મદા જિલ્લાના બારાખડી ગામે બળદ ન હોવાથી કે ટ્રેક્ટર ન હોવાથી મહિલાએ હળ ચલાવવાની ફરજ પડી છે!! મહિલાના પતિએ વાવણી કરી હતી.એક તરફ વિશ્વગુરૂના દાવાને તાર તાર કરે છે. આ સમસ્યાને પુરૂષ હળ ચલાવીને દૂર કરી શકે છે અને મહિલા બિયારણ વાવી શકે!!બાકી ટ્રેક્ટર , બળદ બધુ બકવાસ છે!!!

ભરત વૈષ્ણવ

૮.૮.૨૦૨૨.ઈહાસ્યલેખ

--------------------

## છે

બાર લાખ ખાંડીનો
મિજાજ છે,
વાદળ માનો કે કોઈ
યુવરાજ છે.
વહેલો આવ્યો એટલે કહ્યું
હશે,
આટલી વાતથી એ
નારાજ છે.
ધરતી કાગ ડોળે પ્રતીક્ષા
કરે છે,
રાહની અવધિ સવારથી
સાંજ છે.
ખેતરો સૂકાભઠ,નદી
તળાવ ખાલી,
માનો વાદળોને વર્ષવાનું
અગરાજ છે
ધીમી,ધીમી,ધીમી ધારે
ધારે વરસે,
વીણાની સંગત જળમય
પખાજ છે,

ભરત વૈષ્ણવ.

.૯.૮.૨૦૨૧.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



N.O.G.SS. NO-0026
વિષય - મનોકામના
વિભાગ - પદ્ય ( ગઝલ)
શીર્ષક - કહી છે કહાની.
મનોકામના સૌ ફળે ક્યાં બધાંની?
રહે કામના કોઈ થઈને સજાની.
તમે એક દીપક જલાવીને રાખો,
દિશા જોઈ લેજો છતાંયે હવાની!
અમે નૈનથી રોજ મોતી લૂટાવ્યાં,
તમે વાત માંડી રહ્યા બસ નફાની.
શમાનું રહ્યું છે ભલે રુપ મારું,
કરી ક્યાં છે પરવાહ ખુદ લ્યો કજાની!
મનોકામના પૂર્ણ થાતી, ન થાશે,
અમે ×મૌનુ× રહીને કહી છે કહાની!
અંજના ગાંધી× મૌનુ
વડોદરા ( હાલ અમેરિકા)

# શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા અમેરિકાના ન્યુ જર્સી ખાતે ભારતની આઝાદીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી...



"શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્વ" અંતર્ગત અમેરિકાના ન્યુ જર્સી ખાતેના લિબર્ટી સ્ટેટ પાર્ક, ફ્લેગ પ્લાઝા ખાતે ભારતની આઝાદીના અમૃત મહોત્વની ભવ્ય ઉજવણી શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અધ્યક્ષ સ્થાને યુ.એસ.એ. મુક્તજીવન સ્વામીબાપા પાઈપ બેન્ડની સુમધુર સુરાવલીઓ સાથે કરવામાં આવી હતી.

શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અસ્થિ કળશની પુષ્પાજંલી માટે ગવર્નર ફીલ મર્ફી, કોંગ્રેસમેન બિલ પાસક્રેલ અને લિબર્ટી પાર્કના પ્રતિનિધિઓ સાથે વરિષ્ઠ સંત મંડળ તથા હરિભક્તો પણ મોટા સમુદાયમાં ઉપસ્થિત રહ્યા હતાં. અસ્થિ કળશનું ન્યુ યોર્ક સિટી સ્કાયલાઈન અને ન્યૂ જર્સી ગોલ્ડન કોસ્ટની પૃષ્ઠભૂમિ સાથે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પાસે હડસન નદીમાં વિસર્જન કરાયું હતું શાંતિના પ્રતિક અને પ્રેમનાં સંદેશા માટે સુંદર સફેદ કબૂતર છોડવામાં આવ્યાં હતા.

સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી મહંત

# આત્મનિરીક્ષણ માટે મજબૂર કરતી પોસ્ટ - એક મુસ્લિમ મહિલાની કલમમાંથી......

**સરદાર શહેરના શ્રી ગજાનંદજી મીમાનીએ એક મુસ્લિમ મહિલાના મોઢેથી આવો સંદેશ મોકલ્યો છે જેને જાણીને કદાચ તમને નવાઈ લાગશે... પરંતુ સત્ય થોડું કડવું છે.આપણે સૌએ વાંચવું, વિચારવું અને અપનાવવું પણ જોઈએ...**

તમારી પરણેલી સ્ત્રીઓએ માથા પર પાલવ તો છોડો સાડી પહેરવાનું પણ બંધ કરીદીધું છે... કોણે રોક્યા છે તેમને ? તિલક, ચાંદલો તો તમારી ઓળખ હતી ને, શું તમે ખાલી માથું અને કોરા કપાળને અશુભ, અમંગલ અને શોકની નિશાની માનતા હતા ને, શું તમે ઘરની બહાર નીકળતા પહેલા તિલક લગાવવાનું તો છોડ્યું જ, આધુનિકતા અને ફેશનની વચ્ચે તમારી સ્ત્રીઓએ આગળ ફોર્વર્ડ દેખાવાની દોડમાં, તમે તમારા કપાળ પર ચાંદલો કેમ છોડી દીધો ?

તમારા ઘરની દીકરીઓ ફેશનના નામે ખુલ્લેઆમ શરીરના અંગો પ્રદર્શિત કરે તેવા કપડાં પહેરવામાં તેમની બહાદુરી સમજે છે, અને તમે તેમને રોકવાની હિંમત પણ કરી શકતા નથી અને વધુમાં તેઓ ખુલ્લેઆમ અભદ્ર દેખાય છે, શરીરને શણગારીને, તે મુક્તપણે તમારા ડ્રોઈંગરૂમ અને બજારોમાં ફરે છે.શરાબ જેવા નશિલા પદાર્થોનું સેવન કરે છે અને તમે તેમની આવી હરકતો ઉપર મૌન ધારણ કરી લો છો.અને પરિવાર ની માન-મર્યાદાના ધજીયા ઉડતા જુઓ છો. તેમજ તમે તેમને કહેવાતા ભદ્ર-સંસ્કારી સમાજની શ્રેણી માં રાખો છો...આમાં અમારો ક્યાં દોષ છે કે આવા પ્રદર્શન અને નશાના કારણે કોઈ તેમની છેડતી - બળાત્કાર કેમ ના કરે ?

જો તમે લોકો નામકરણ, લગ્ન, સગાઈ જેવા સંસ્કારોને શરમ રાખ્યા વિના વ્યર્થ કર્મકાંડમાં અને જન્મદિવસો, વર્ષગાંઠો જેવા પ્રસંગોને જન્મદિવસ અને વર્ષગાંઠના કાર્યોમાં પરિવર્તિત કર્યા હોય તો શું એમાં અમારો વાંક છે?

જ્યારે અમારે ત્યાં બાળક ચાલતા શીખે છે ત્યારે પિતાની આંગળી પકડીને મસ્જિદમાં જાય છે અને જીવન ભર પ્રાર્થનાને પોતાની ફરજ સમજે છે.. તમે લોકોએ તો સ્વયં મંદિર બાજુ જોવાનું છોડી દીધું,જાઓ છો તો પણ કાંઈ માંગવું હોય કે કોઈ સંકટમાંથી મુક્તિ મેળવવી હોય ત્યારે... હવે જો તમારા બાળકોને એ બધી ખબર નથી કે મંદિરે શા માટે જવું, ત્યાં શું કરવું અને ભગવાનની પૂજા કરવી એ તેમની ફરજ છે.... તો એમાં અમારી શું ભૂલ છે ?

તમારા બાળકો કોન્વેન્ટમાંથી ભણીને કવિતા સંભળાવતા ત્યારે તમારું માથું ઊંચું થઈ જતું! એવું બનવું જોઈતું હતું કે એ બાળકો ભગવદ્ ગીતા કે અન્ય ધાર્મિક ગ્રંથોના ચાર શ્લોકો પઠન કરે તો તમને તેનો ગર્વ થયો હોત ! .... ઊલટું, આજે જ્યારે તેઓ સંભળાવવા સક્ષમ નથી, ત્યારે તમારા મનમાં કોઈ અપરાધ નથી કે તમને તેનો કોઈ અફસોસ ! અમારા મુસ્લિમ ઘરોમાં જ્યારે તેનું બાળક સગાં-સંબંધીઓની સામે પ્રાર્થના ન કરી શકતું હોય ત્યારે પિતાનું માથું શરમથી ઝૂકી જાય છે! ....અમારા ઘરોમાં બાળક બોલતા શીખે છે, ત્યારે અમે શીખવીએ છીએ કે વડીલો પાસેથી સલામ કરતા શીખો, તમે લોકોએ નમસ્કાર અને નમસ્કારની જગ્યાએ હેલો હાય કરી દીધું છે... તો શું આ માટે અમે દોષી છીએ?

અમારા ધર્મનો છોકરો કોન્વેન્ટમાંથી આવ્યા પછી પણ ઉર્દૂ અને અરબી શીખે છે અને કુરાન વાંચવા બેસે છે! ... અને તમારું બાળક ન તો રામાયણ વાંચે છે કે ન ગીતા.... તેને સંસ્કૃત છોડો, શુદ્ધ હિન્દી પણ બરાબર નથી આવડતું... શું આમાં પણ અમારી ભૂલ છે ?

તમારી પાસે બધું હતું - સંસ્કૃતિ, ઈતિહાસ, પરંપરાઓ! કહેવાતી આધુનિકતાની આંધળી દોડમાં તમે એ બધાને છોડી દીધા છે, અને અમે હાર માની નથી, છોડ્યા નથી એટલો જ ફરક છે! .... ફક્ત તમે લોકો જ તેમને તેમના મૂળમાંથી દૂર કરવા બેઠા છો! મુસલમાનો ન તો ગઈકાલે પોતાના મૂળ છોડ્યા અને ન તો આજે છોડવા તૈયાર છે!

તિલક, જનોઈ, શિખા વગેરેથી અને તમારી સ્ત્રીઓને પણ કપાળે ચાંલ્લો, હાથમાં બંગડી અને ગળામાં મંગળસૂત્રથી તમને પોતાને પણ શરમ આવવા લાગી, - આપની દીકરીઓને યોગ્ય વસ્ત્રો અને સભ્ય રહેણીકરણી વગેરેથી શરમ આવવા લાગી. ...તેમને પહેરવું બિનજરૂરી લાગતું હતું અને તે ગર્વ સાથે ખુલ્લેઆમ પોતાની ઓળખ પ્રદર્શિત કરતાં અચકાવા લાગી ! ... કહેવાતી આધુનિકતાના નામે તમે પોતે જ તમારા રીતિ-રિવાજો, તમારી પરંપરાઓ, તમારા સંસ્કારો, તમારી ભાષા, તમારા પહેરવેશ - તેને પછાતપણું સમજીને ત્યજી દીધા છે! ,

આજે આટલા વર્ષો પછી તમે લોકો જાગ્યા છો, તો તમે તમારા જ સમાજના અન્ય લોકોને તમારા મૂળમાં જોડાવા માટે કહી રહ્યા છો! , કોઈ પણ જીવતા સમાજના લોકોના મનમાં પોતાની ઓળખની રક્ષા માટે જાગૃત રહેવાની લાગણી સ્વયંભૂ પેદા થવી જોઈએ, એ માટે તમારે તમારા જ લોકોને કહેવું પડે છે.... વિચારો કે આ કેટલી મોટી મુશ્કેલી છે!

એ પણ ધ્યાનમાં લો કે તમારી સંસ્કૃતિ લુપ્ત થવાનો ડર ક્યાંથી આવે છે અને અસલામતીની લાગણીનું સાચું કારણ શું છે ?

તમારી સમસ્યા એ છે કે તમે તમારા સમાજને જાગૃત જોવા માંગો છો, પરંતુ જ્યારે તમે આવું કરવા માંગો છો, ત્યારે તમે પોતે જ આગળ વધીને અનુકરણીય વર્તન નથી કરતા, તમે જેમ બન્યા છો તેવા જ રહો છો...

તમે પોતે જ તમારા મૂળ સાથે જોડાયેલા છો. હા, બીજાને તમારામાં આ દેખાતું નથી અને તેથી જ તેને તમારા સમાજમાં છોડી દો, તમારા પરિવારમાં તમારું કોઈ સાંભળતું નથી.... તેવી જ રીતે તમારા સમાજમાં બીજા બધા લોકો પણ તમારા જેવા જ ડબલ સ્ટાન્ડર્ડ દંભી વર્તન ધરાવે છે. (શાબ્દિક દંભ) તેથી જ તમારી સોસાયટીમાં કોઈ કોઈનું સાંભળતું નથી! ... શું એ અમારી ભૂલ છે?

દાયકાઓથી, તમે પોતે એકબીજા કરતાં તમારી હિંદુ ઓળખને ભૂંસી નાખવાનું કામ કરતા આવ્યા છો અને આજે પણ એ જ કરી રહ્યા છો... પરંતુ અમે હજુ અમારી ઓળખ એવીને એવી જાળવી રાખવામાં સફળ રહ્યા છીએ તો અમને જોઈને તમને ખરાબ લાગે છે! અમારીથી ઈર્ષ્યા થાય છે ! અમારાથી નફરત કરવા લાગ્યા છો ! જો તમે તમારી સંસ્કૃતિ અને પરંપરાઓને સંભાળી શક્યા નથી, તો પછી તમે તમારી બેદરકારી અને નિષ્ફળતાનો ગુસ્સો શા માટે અમારા મૂળને કાપીને કાઢવા માંગો છો?

બીજાઓને જોઈને વિચલિત થવાને બદલે, પોતાના મૂલ્યો પ્રત્યે નિષ્ઠા કેવી રીતે રાખવી, તેમના પર ગર્વ કેવી રીતે રાખવો, તેમને કેવી રીતે સાચવવું અને તેનું રક્ષણ કેવી રીતે કરવું તે શીખવાની જરૂર છે...

તમારે તમારી ઓળખ ખુલ્લેઆમ દર્શાવવી જોઈએ, અમને આમાં કોઈ વાંધો નથી.... પરંતુ તમને તમારી સંસ્કૃતિને બચાવવાની જરૂર જણાતી નથી, તમે તમારા પોતાના હાથે તેનો નાશ કરવા પર આવી ગયા છો.

તમારા સમાજમાં તમારી સાંસ્કૃતિક ઓળખ પર ગર્વ કરવા અને તેને વ્યક્ત કરતા સાંસ્કૃતિક પ્રતીકો પહેરવા માટે તમારા સમાજમાં સંસ્કૃતિક વાતાવરણ તો પહેલાં બનાવો ! જો તમે તમારી જાતને એક વ્યક્તિ અને સમાજ તરીકે બુદ્ધિશાળી માનતા હોવ તો તમારી બુદ્ધિનો ઉપયોગ કરો અને બુદ્ધિમત્તાનો પરિચય પણ આપો

# અજર, અમર,ઉજ્જવળ બહેનની રાખડી છે



એક કે બે અક્ષર નહીં આખી
એ બારાખડી છે
અજર,અમર,ઉજ્જવળ
બહેનની રાખડી છે
ભાઈની રક્ષા માટે પ્રાર્થે છે
આજીવન બહેન
આ સંબંધોની મહતા સૌ
સંબંધોમાં વડી છે
રાખડી એ નથી માત્ર કોઈ
સુતરનો કાચો દોરો
ત્રિદેવ,ત્રિદેવીની કૃપાની
સાક્ષાત નાડાછડી છે
સહોદરી સહોદરને બાંધી
રક્ષા યાચે છે સ્વરક્ષા જન્મોજન્મનાં
સંબંધોની અકબંધ આ કડી છે
કશું ય ન આપી શકો તો
બહેનને આપજો પ્રેમ ભાઈનાં
આવકારની જ ભૂખી તેની આંખડી
છે
સગી ના હોય તો માનેલીને
સગી જ માનજો
સતરસો જન્મની પુણ્ય
પ્રસાદી આ વ્હાલુંડી છે
સદાચારી બની બહેનને દયો
રક્ષાબંધનની ભેટ કહો,પત્ની
સિવાયનાં સૌ મા-બહેન-દીકરી છે

-મિત્તલ ખેતાણી (રાજકોટ, ૨.૯૮૨૪૨૨૧૯૯૯)નાં કાવ્ય સંગ્રહ 'શબ્દ ઘેર આનંદ ભયો'માં થી

## પર્યાવરણ માટે હાનિકારક એવું કોનોકાર્પસ

# દેશી કુળના વૃક્ષો વાવીને સંસ્કૃતિની જાળવણી કરીએ

ભારત દેશમાં શહેરીકરણ અને ઉદ્યોગીકરણનાં કારણે લીલા જંગલો કપાતા જાઈ છે અને તેના સ્થાને કોક્રીટ કે સિમેન્ટના જંગલો ઊભા થયા છે. જેમ કોઈ પણ ક્રિયાની પ્રતિક્રિયા હોય તેમ આપણા સમાજમાં વૃક્ષ છેદન કરનારની સામે વૃક્ષોનું વાવેતર અને પર્યાવરણનું જતન કરનારો જાગૃત વર્ગ પણ જોવા મળે છે. પરંતુ ઘણી ખરી વાર પૂરતા જ્ઞાનનાં અભાવને કારણે અજાણતા જ પર્યાવરણનું રક્ષણ કરવાના હેતુથી કરેલું કાર્ય જ પર્યાવરણને નુકશાન પહોંચાડી શકે છે. ભારતમાં હાલમાં જ કોનોકાર્પસ નામનું વૃક્ષ ખૂબ જ ચર્ચામાં છે. શુશોભન માટે વપરાતું આ વૃક્ષ મૂળ પશ્ચિમી એશિયામાં જોવા મળે છે. ઝડપથી વૃદ્ધિ કરતું આ વૃક્ષ શોભામાં ચોક્કસપણે વધારો કરે છે પરંતુ તે સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંને માટે હાનિકારક છે તેવું પર્યાવરણવિદોનું કહેવું છે. કોનોકાર્પસ લેન્સિફોલિઅસ (Conocarpus lancifolius) સુશોભન માટેનું વૃક્ષ છે. તે કોમ્બ્રેટેસી (Combr[a]aceae) કુળની વનસ્પતિ છે. લેન્સલીફ બટનવુડ (Lanceleaf Buttonwood), દમાસ ટ્રી (Damas Tree), વગેરે જેવા સામાન્ય નામોથી ઓળખવામાં આવે છે. તે પશ્ચિમી એશિયા (યમન)નું મૂળ વતની છે. તે સદાહરીત વૃક્ષ છે, જે ૨૦ મીટર ઊંચું વધે છે. વાવેતર કરેલ વૃક્ષ મોટાભાગે એક જ પ્રકાંડવાળું પરંતુ જ્યાં કુદરતી રીતે ઊગે છે તેવા વૃક્ષોમાં ઘણી બધી શાખાઓ હોય છે. પાંદડા સરળ અને ચળકતા, ૧૦ સે.મી. લાંબા, લેન્સ આકારના, આધાર પાસે સાંકડા અને ગાઢ સર્પાકારમાં ગોઠવાયેલ હોય છે. ફૂલો પીળાશ પડતાં લીલા, શાખાઓ પર ગોળાકાર હેડ આકારના અને થોડા સુગંધીદાર. ફળ શુષ્ક, ગોળાકાર, લીલા રંગના, કોન જેવા જે ભીંગડા જેવા નાના ઘણા સખત બીજ ધરાવે છે. સુશોભન માટે ઉપયોગી એવું આ વૃક્ષ માત્ર દેખાવ માં જ સારું છે. ખરેખર આ વૃક્ષ પર્યાવરણની સાથે સાથે વ્યક્તિના સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ હાનિકારક છે. આ વૃક્ષ મોટે ભાગે દરિયાકિનારે વાવવામાં આવતું હતું પરંતુ આજ શહેરની શોભા વધારવા શહેરી વિસ્તારમાં આ વૃક્ષ વવાઈ રહ્યા છે. આ વૃક્ષ જમીનમાંથી બહોળા પ્રમાણમાં પાણી ખેચી લે છે જેથી ભવિષ્યમાં જમીનનાં પાણીની સપાટી ખૂબ જ નીચી જવાની શક્યતાઓ ખૂબ જ વધારે છે. ગુજરાત રાજ્યના અમુક શહેરોમાં આ પરિસ્થિતિ ઊભી થઈ છે. સંશોધન દ્વારા જાણવા મળે છે કે કોનોકાર્પસ વૃક્ષથી દરેક વ્યક્તિનાં સ્વાસ્થ્યને અલગ અલગ અસર જોવા મળે છે. તેની રજથી વ્યક્તિનાં ફેફસા પર વિપરીત અસર પડી શકે છે. કેટલાક વ્યક્તિઓને આ વૃક્ષના કારણે ચામડીની એલર્જી અને શ્વસન પ્રક્રિયા પર આડઅસરો તેમજ કફ, ખાંસી જેવી તકલીફો જોવા મળે છે. તબીબી ભાષામાં જેને એલર્જીક બ્રોકાઈટીસ કહે છે. આ વૃક્ષ કોઈ પણ ઋતુમાં ખૂબ જ ઝડપથી વિકાસ પામતું હોય છે, ઉપરાંત તે છાંયડો આપે છે માટે લોકો તેની નીચે બેસવાનું પસંદ કરે છે. પરંતુ આ વૃક્ષના પરાગરજો હાનિકારક હોવાથી વ્યક્તિના સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરે છે. આવું વૃક્ષ વાવવાને બદલે ભારતનાં દેશી વૃક્ષો વાવીને આપણી સંસ્કૃતિનું રક્ષણ કરીએ અને કોનોકાર્પસને જાકારો આપીએ.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# સેક્ટર-૨, શોપિંગ સેન્ટર સ્થિત વોર્ડ નં.૯ના ભાજપ કાર્યાલય ખાતે યોજાયો કાર્યક્રમ

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ

થવાના અવસરે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાન અનુસાર આગામી ૧૩ થી ૧૫ ઓગસ્ટ હર ઘર તિરંગા

અભિયાન અંતર્ગત દેશના પ્રત્યેક ઘર, કચેરી, ઓફીસ પર નાગરિકો રાષ્ટ્રધ્વજ લહેરાવવા જઈ રહ્યા છે ત્યારે આજરોજ ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરના સેક્ટર-૨, શોપિંગ સેન્ટર સ્થિત વોર્ડ નં.૯ના ભાજપ કાર્યાલય ખાતે આયોજિત કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહી તિરંગા વિતરણ કર્યું અને બાઈક રેલી સ્વરૂપે આયોજિત તિરંગા યાત્રામાં જોડાયા.આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સમસ્ત નગરજનોને શ્ઈ૩૯;હર ઘર તિરંગાશ્ઈ૩૯; અભિયાનમાં જોડાઈનેઆઝાદીના અમૃત પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડૅ. પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, પૂજ્ય પી.પી.સ્વામીજી,મહામંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ગૌરાંગ પટેલ ઉપરાંત સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાહતા.૧૧ ઓગસ્ટના રોજ રક્ષાબંધનનો તહેવાર આવી રહ્યો છે ત્યારે આજરોજ મહાનગર ભાજપા સંગઠનની બહેનો અને મહિલા કોર્પોરેટરોએ શ્રી હર્ષ સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી કરી હતી.



વિશ્વ આદિવાસી દિન નિમિત્તે અરુણભાઈ દ્વારા મારા પુસ્તક ×મને ઓળખો હું આદિવાસી છું. આજ રોજ ડો.રાજેશ વણકર ,પ્રો.અરવિંદભાઈ પટેલ ,વિનું બામણીયા,અનંદ રાઠોડ ,મહેશ પંચાલ શૈલેશ ચૌહાણ જેવા સાહિત્યકારોની ઉસ્થિતિમાં વિમોચન વિધિ કરવામાં આવી...

# આમંત્રણ

રક્ષાબંધન પર્વની ઉજવણી અંતર્ગત કોરોના મહામારી ની જીવાદોરી સ્વરૂપ પોલિસકર્મી અને સ્વાસ્થકર્મી ભાઈઓ ને રાખડી બાંધી રાષ્ટ્ધ્વજ આપી બાળ આશિષ અને સન્માન આપવું?

આ કાર્યક્રમ અંતર્ગત A-ONE XAVIER'S School ની વિદ્યાર્થીનીઓ તા. ૧૦/૦૮/૨૦૨૨ ને બુધવારે સવારે ૧૦:૩૦ વાગ્યે નીચે મુજબના સ્થળે જઈ સમાજના ઈમરજન્સી ફાઈટરો ને રાખડી બાંધી રાષ્ટ્ધ્વજ આપશે .

૧) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન , નરોડા ગામ.
(મહર્ષ ભટ્ટ - ૬૩૫૩૪૮૮૯૩૪)

૨) ૧૦૮ ઈમરજન્સી સેવા ઓફિસ, કઠવાડા રોડ, નરોડા
(પરેશ પટેલ - ૮૧૬૦૫૬૩૮૨૦)

૩) અર્બન હેલ્થ સેન્ટર, કુમાર શાળા, નરોડા
(દીપક તલરેજા - ૯૯૨૫૫૯૨૧૦૦)

૪) ફાયર સ્ટેશન, નિકોલ
(તીનંજન નંદી - ૯૮૯૮૯૩૮૪૨૪)

નરોડામાં આવેલ SNME Campus ની A-ONE XAVIER'S School ની વિદ્યાર્થીનીઓ દ્વારા રક્ષાબંધન પર્વ ની ઉજવણી એક અનોખી રીતે કરવા જઈ રહી છે. જેના અંતગર્ત સંસ્થાના સ્થાપક શ્રી નરેન્દ્રસિંહ ઝાલા સાહેબ તેમજ સંચાલકશ્રી ધવલસિંહ ઝાલા સાહેબના માર્ગદર્શન હેઠળ સંસ્થાની વિદ્યાર્થિનીઓ દ્વારા સમાજને ૨૪ ૪ ૭ શાંતિ, સુરક્ષા અને સલામતી પૂરી પાડનાર સમાજના અંગરક્ષક એવા પોલીસકર્મી ભાઈઓ, આરોગ્ય સેવા પ્રદાન કરનાર ભાઈઓ, ફાયર સેફટી અને સુરક્ષા આપનાર ભાઈઓ, તેમજ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવામાં સતત કાર્યરત રહેતા ભાઈઓને રાખડી બાંધી તેમના સારા સ્વાસ્થય માટે ભગવાનને પ્રાર્થના કરશે.

# ચાણસ્મા વિધાનસભામાં કોંગ્રેસના આગેવાનો સામે જ કોંગ્રેસના જ જુના આગેવાનો મેદાને પડ્યા

રિપોર્ટ નિખિલ જોશી પાટણ

ચાણસ્મા ના વડાવલી ગામે સ્થાનિક ઉમેદવાર મુકાય તે માટે જુના કોંગ્રેસના આગેવાનો દ્વારા મિટિંગ યોજવામાં આવી

જયારે વિધાનસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે ત્યારે વિવિધ પક્ષો દ્વારા પોતાના મતવિસ્તારમાં ફરી પ્રચાર કરી રહ્યા છે ત્યારે ચાણસ્મા વિધાનસભામાં જેમ કોંગ્રેસમાં ભંગાણ સર્જાઈ હોય તેમ બે ભાગલા પડ્યા હોય તેવું લાગી રહ્યું છે ત્યારે આજરોજ ચાણસ્મા કોંગ્રેસના જુના કાર્યકર્તાઓ દ્વારા પાટણ જિલ્લા ના ચાણસ્મા તાલુકાના વડાવલી ખાતે એક મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક જ સુર ઊઠવા પામ્યો હતો કે ઉમેદવાર કોઈપણ પક્ષનો હોય પણ સ્થાનિક જ હોવો જોઈએ.

સુત્રો દ્વારા મળતી વિગતો મુજબ આજરોજ ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે મોતીભાઈ દેસાઈના નિવાસ્થાને ચાણસ્મા વિધાનસભાના સ્થાનિક ઉમેદવાર પસંદ કરવા બાબતે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાલભાઈ પટેલ,



રમેશભાઈ(કોકતા), કોંગ્રેસ પક્ષના પૂર્વ તાલુકા પ્રમુખ નાગજીજી દરબાર ,

,કુંપાજી ઝાલા, ગેમરભાઈ દેસાઈ જોગસિંહ ઝાલા, ફુલજી દેસાઈ, અદેસંગ ઝાલા , મોતીભાઈ દેસાઈ સહિત કોંગ્રેસના ૧૦૦ થી વધારે આગેવાનો જેમાં ઉપસ્થિત રહેલા કાર્યકર્તાઓ સહિત એક સુર અવાજ ઊઠવા પામ્યો હતો કે કોંગ્રેસ પક્ષ કોઈપણ જ્ઞાતિના ઉમેદવારને મૂકે પણ સ્થાનિક હોવો જોઈએ આમ ૧૭ ચાણસ્મા વિધાનસભામાં કોંગ્રેસમાં બે ભાગલા પડ્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આના માટે શું કોણ જવાબદાર તે તો કોંગ્રેસ પક્ષ જાણે

# આઝાદીના અમૃત મહોત્સવ ની ઉજવણી ના ભાગરૂપે હર ઘર તિરંગા કાર્યક્રમ હેઠળ આજરોજ વિશેષ ઉજવણીનું આયોજન

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ,ભાટ , ગાંધીનગર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ ની ઉજવણી ના ભાગરૂપે હર ઘર તિરંગા કાર્યક્રમ હેઠળ આજરોજ વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સૌથી વધુ પ્રધ્યાપકો અને ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉમેળકા ભેર ભાગ લીધો હતો આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ તિરંગા અને દેશની આનબાન શાન ના સ્વરૂપે રાષ્ટ્રને સમર્પિત એવા પોસ્ટર નું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું તેમજ વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરી અને વિવિધ પ્રકારના તિરંગા ને અનુરૂપ કામગીરી કરવામાં આવી હતી .તેમજ વિશેષમાં દેશ દેશભક્તિ અને રાષ્ટ્રને સમર્પિત એવા યુવા ઈજનેરો એ એકબીજાને દેશના મહત્વ અને દેશની ગરિમા ને જાળવવાના શપથ લીધા હતા આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપલ ડો. એચ એચ વન્દ્રા સાહેબ , ડાયરેક્ટર શ્રી ધર્મેશ વન્દ્રા સાહેબ તેમજ કોમ્પુટર વિભાગ ના વડા ડો. વિજય ગઢવી અને અન્ય વિભાગના વડા સામેલ રહ્યા હતા અને તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# મામલતદાર કચેરી ચાણસ્મા ખાતે વિવિધ વિભાગની મીટીંગ યોજાઈ



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લા ના ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે મામલતદાર શ્રી જે.એન.દરબારની અધ્યક્ષ સ્થાને વિવિધ વિભાગ ની મીટીંગ યોજાઈ.જેમાં પંદરમી ઓગસ્ટ-૨૦૨૨ની ઉજવણી ,હર ઘર તિરંગા ઉજવણી , લંપી રોગની અંગેની મીટીંગ યોજાઈ.

મામલતદારશ્રી જે.એન.દરબારના અધ્યક્ષપદે ઉક્ત ત્રણ મીટિંગ યોજાઈ હતી. ૧૫મી ઓગસ્ટની ઉજવણી ખુબજ ધામધૂમપૂર્વક ઉજવવા માટે સંબંધિત તમામ અધિકારીશ્રીઓને સહભાગી થવા ભારપૂર્વક જણાવ્યું હતું.તાલુકા કક્ષાની ૧૫ મી ઓગસ્ટની ઉજવણી ખારીઘારીયાલ ગામે યોજાવાની હોવાથી જરૂરી તમામ પ્રકારના સુચારૂ આયોજન માટે તમામ વિભાગોને તૈયારી કરવા મામલતદારશ્રીએ જરૂરી સૂચનાઓ આપી હતી.તેમજ તા.૧૩ થી ૧૫ મી ઓગસ્ટ-૨૨ સુધી ×હર ઘર તિરંગા× અંતર્ગત કાર્યક્રમની ઉજવણી માટે પણ તિરંગાની આન,બાન અને શાનથી ખુબજ ઉત્સાહભેર ઉજવણી થાય અને તમામ લોકો સહભાગી બને તેવા તમામ પ્રયત્નો કરવા ભારપૂર્વક તમામને સૂચના આપી હતી.હાલમાં પશુઓમાં ચાલી રહેલ લમ્પી રોગ અટકાવવા તેમજ તેની સુચારૂ સારવાર મળી રહે તે માટે તમામ પ્રકારના યોગ્ય પગલાં ભરવા હાજર તમામને અધ્યક્ષશ્રીએ જરૂરી સૂચનાઓ આપી હતી.આ ત્રણેય પ્રકારની મીટિંગમાં પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાણસ્મા જે.એમ. વસાવા, તાલુકા હેલ્થ ઓફિસરશ્રીનિકુલ.સી.નાયક, પશુપાલનખાતાના અધિકારીશ્રીઓ , યુજીવીસીએલ,એસટી, સીડીપીઓ વિશાખાબેન મકવાણા, નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી, આર.એફ.ઓ.શ્રી, ટેઝરી અધિકારીશ્રી, તાલુકા પંચાયતના કર્મચારી ભરતભાઈ પ્રજાપતિ, ખારીઘારીયાલના સરપંચ ભરતભાઈ પરમાર, તલાટી, ખારીધારીયાલ પ્રા. શાળાના આચાર્ય પ્રવિણભાઈ પટેલ તેમજ વિભાગોના તમામ અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# બનાસકાંઠામાં છોકરા ઉપાડતી ગેંગના ફોટા અને લખાણને જિલ્લા પોલીસ વડાએ અફવા ગણાવી

બનાસકાંઠા સમાચાર

પાલનપુર અને વડગામ સહિતના પંથકમાં સોશિયલ મીડિયામાં મેસેજ વાયરલ થતા બાળકો અને મહિલાઓમાં ભય જોવા મળી રહ્યો છે. જોકે, જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આજ દિન સુધી પોલીસના ધ્યાનમાં આવો કોઈ બનાવ આવ્યો નથી. આવા મેસેજ પર ધ્યાન ન આપવું અને જો કોઈ શંકાસ્પદ લાગે તો અમારા કંટ્રોલરૂમ ૧૦૦ નંબર પર કોલ કરે.

બનાસકાંઠા જિલ્લામાં સોશિયલ મીડિયામાં છોકરા ઉપાડી ગેંગના ફોટા અને લખાણ વાયરલ થતા લોકોમાં ભયનો માહોલ છવાયો છે. છેલ્લા એક અઠવાડિયાથી સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ફોટા મેસેજ દ્વારા અનેક પ્રકારની લોકોમાં ચર્ચાઓ વહેતી થઈ છે. જેને લઈ જિલ્લા પોલીસ વડાએ દિવ્ય ભાસ્કરના માધ્યમથી સ્પષ્ટતા કરી છે કે, આવા કોઈ ભડકાઉ મેસેજ સાચા માનવ નહી.

# આજે વિરપ્રતાપ ફાઉન્ડેશન ધ્વારા બે આદિવાસી વિધાર્થીઓ ની ફી ભરી વિશ્વ આદિવાસી દિવસ ની સાચી ઊજવણી કરી

આદિવાસી સમુદાયના લોકો વિશ્વના ૯૦ થી વધુ દેશોમાં રહે છે. વિશ્વમાં આદિવાસી સમુદાયની વસ્તી આશરે ૩૭ કરોડ છે, જેમાં લગભગ ૫૦૦૦ વિવિધ આદિવાસી સમુદાયો છે અને તેમની પાસે લગભગ ૭ હજાર ભાષાઓ છે. આ હોવા છતાં, આદિવાસી લોકોને તેમના અસ્તિત્વ, સંસ્કૃતિ અને સન્માન બચાવવા માટે સંઘર્ષ કરવો પડે છે. આજે, સમગ્ર વિશ્વમાં જાતિવાદ, રંગભેદ, ઉદારીકરણ જેવા ઘણા કારણોસર, આદિવાસી સમુદાયના લોકો પોતાનું અસ્તિત્વ અને સન્માન બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ઝારખંડની કુલ વસ્તીના લગભગ ૨૮ ટકા આદિવાસી સમાજના લોકો છે. તેમાં સાંથલ, બંજારા, બિહોર, ચેરો, ગોંડ, હો, ખોંડ, લોહરા, માઈ પહરિયા, મુંડા, ઓરાં વગેરે જેવા બત્રીસથી વધુ આદિવાસી જૂથોના લોકોનો સમાવેશ થાય છે.

આ જ કારણ છે કે આદિવાસી સમાજના ઉત્થાન અને તેમની સંસ્કૃતિ અને સન્માન બચાવવા ઉપરાંત આદિવાસી આદિવાસીઓને પ્રોત્સાહન અને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૯ ઓગસ્ટ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આજે બે આદિવાસી વિધાર્થીઓ ની ફી ભરી (૧હિંમતનગર , ૨ા ભિલોડા)

# દાંતા પોલીસને દારુ જુગાર જેવી પ્રવૃત્તિઓ નાબુદ કરવામાં કોઈ રસ નથી રહ્યો

# દાંતા વિસ્તાર માંથી પાલનપુર એલસીબીએ જુગાર પકડ્યો

દાંતાના જાણીતા રાહુલ જમાદારની બદલી દાંતા ખાતે થી અન્ય પોલીસ મથકે કરવામાં આવી હતી અને ગણતરીના દિવસોમાં જ પાછી દાંતા ખાતે બદલી કરતાં અનેક સવાલો ઉઠી રહ્યા રાહુલ જમાદારની બદલી કોઈ રાજકીય પક્ષ દ્વારા કરવામાં આવી કે પછી કોઈ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી તેને લઈને લોકોમાં ચર્ચાનો વિષય બન્યો શું બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા શું રાહુલ જમાદારની બદલી અટકાવવામાં આવશે કે પછી ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા ચર્ચાનો વિષય બનશે દાંતા તાલુકા માં અસામાજિક તત્વો ફળી ફૂલી રયા છે તો તાલુકા માં આવેલી પોલીસ એમને રોકવા માં નાકામ સાબિત થઈ રહી છે તેવું દેખાઈ રયુ છે.

આજે પાલનપુર એલસીબી દ્વારા દાંતા માં જુગાર રમતા ચાર ઈસમો ને ઝડપી પાડયા હતા. પાલનપુર એલસીબી ની સરાહનીય કામગીરી જોવા મળી રહી છે તો પોલીસ ની નાકામી પણ સાબિત થઈ રહી છે .પોલીસ દ્વારા કેમ અસામાજિક તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી રોકી શકતા નથી તેવા સવાલો ઉભા થઈ રયા છે.આજે પાલનપુર એલસીબી ની કામગીરી માં દાંતા પોલીસ સ્ટેશન વિસ્તાર થી જુગાર રમતા ચાર ઈસમો ને પકડી દાંતા પોલિસ સ્ટેશન માં જુગાર ધારા હેઠળ કાર્યવાહી કરી છે. દાંતા વિસ્તારમાં જુગારીયો જોડે થી ૧૫૮૨૦ રોકડ રૂપિયા સાથે અન્ય સામગ્રી સાથે કુલ ૧૬૮૨૦ રૂપયા નો મુદ્દા માલ સાથે પાલનપુર એલસીબીએ ઝડપી પાડ્યા હતા.

# વડગામ પોલીસે છનિયાણા માંથી શ્રાવણીયો જુગાર રમતાં પાંચ શકુનિઓ ને દબોચી લિધા

બનાસકાંઠા સમાચાર

વડગામ પોલીસે જુગારના સાહીત્ય સહીત કુલ રૂ. ૨૮,૯૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે, અત્યારે જીલ્લાભરમાં સ્થાનિક પોલીસની ટીમો શ્રાવણીયા જુગારીયાઓ પર તવાઈ બોલાવી રહી છે. રોજે રોજ અલગ-અલગ વિસ્તારમાંથી જુગાર રમતાં શખ્સોને ઝડપી પાડી જેલમાં ધકેલી રહી છે. જે અંતર્ગત વડગામ તાલુકાના છનિયાણા ગામના ભીખાભાઈ ખુશાલભાઈ પ્રજાપતિ ના મકાન માં પાંચ શખ્શો જુગાર રમતાં હોવાની બાતમી મળતાં વડગામ પોલીસ ની ટીમે દરોડા પાડયા હતા અને ભીખાભાઈ ખુશાલભાઈ પ્રજાપતિ ના મકાન માં તપાસ કરતાં પાંચ શખ્સો જુગાર રમતા ઝડપાયા હતા.

વડગામ ના છનિયાણા ગામમાં મકાનમાંથી જુગાર રમતાં ઝડપાયેલા ૫ શખ્સોના નામ

૧. ભીખાભાઈ ખુશાલભાઈ પ્રજાપતિ રહે છનિયાણા તા. વડગામ

૨. મોહનભાઈ જોઈતાભાઈ ડાભી રહે. છનિયાણા તા. વડગામ

૩. શૈલેશભાઈ ગિરધરભાઈ મોદી રહે છનિયાણા તા. વડગામ

૪. સુરેશભાઈ ખાંનાભાઈ ચૌહાણ રહે. છનિયાણા તા. વડગામ

૫.નિતીનભાઈ મુળજીભાઈ શ્રીમાળી રહે. છનિયાણા તા. વડગામ

વિરુદ્ધ વડગામ પોલીસે જુગાર ધારા કલમ ૪-૫ મુજબ ગુનો નાંધી કાયદેસર ની તપાસ હાથ ધરી છે.

# નામદાર કોર્ટ તરફથી CRPC ની કલમ ૮૨ મુજબ કાર્યવાહી કરવા ફરમાન જારી કરવામાં આવ્યું

અમદાવાદ શહેરના ઝોન – ૬ના નાયબ પોલીસ કમિશનરશ્રીની અખબારી યાદી અનુસાર અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ નં- ૨૦ ખાતે સ્પે. પોક્સો કેસ નં. ૧૧૯/૨૦૧૮ (ક્રિ.જા.નં. ૨૧૦૩૩/૨૦૨૧ તા.૧૭.૧૨.૨૦૨૧)ના આરોપી નામે મિથુનસિંગ સ/ઓ રાજદેવસિંગજાતે રાજપૂતને હાજર રહેવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે.

ફરિયાદ અનુસાર આરોપી નામેમિથુનસિંગ સ/ઓ રાજદેવસિંગજાતે રાજપૂતરહેવાસી, સવિતાનગર, રાજકલીબેન શિવકુમારના મકાનમાં મહાલક્ષ્મી તળાવ પાસે વટવા, અમદાવાદ શહેર મૂળ વતન ધર્મવાડી થાણવૈકુંડપર પો.સફીયાબાદ જી. ગોપાલગંજ બિહાર રાજ્ય વિરુધ્ધ કોર્ટમા કેસ ચાલવા ઉપર છે. જેની ઉપર વટવા પોલીસ સ્ટેશનમાં ફ.ગુના.ર.નં.૮૯/૨૦૧૮ ઈપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(આઈ)(એન) તથા પોક્સો એક્ટની કલમ ૩,૪,૫,૬,૧૧(૬) અને ૧૨ મુજબ ગુનો નોંધાયેલ છે. અથવા એવો ગુનો કરેલો હોય તેવો શક છે.

જે સજાપાત્ર ગુનો બને છે અને આ કામનો આરોપી ઘણા સમયથી મુદતે નામદાર કોર્ટ સમક્ષ રહેતા નથી. અને નાસતા ફરે છે. (અથવા તો સદર ગિરફતારી વોરંટની બજણી અટકાવવા માટે તેણે પોતાની જાતને છુપાવી દીધેલ છે.) આથી નામદાર જજશ્રીએ આરોપી વિરુદ્ધ ઝઈઁઝ ની કલમ ૮૨ મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કર્યો છે.

# આદરણીય સમ્માનીય સંપાદક મહોદયજી ની સેવામાં

શ્રી ઉદયપુર ગુજરાતી સમાજ સ્થિત સેક્ટર ૧૧ હિરણ મગરી ગુજરાતી સમાજમાં ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ૧૫મી ઓગષ્ટ સોમવારના રોજ સવારે ૯:૧૫ કલાકે ગુજરાતી સમાજના આંગણે આન-બાન-શાન થી રાષ્ટ્રીય ધ્વજ વંદન કરવામાં

આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાતી સમાજના સેક્રેટરી શ્રી દિનેશ ભાઈ પટેલ, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી દિલીપભાઈ સોની, સહ સચિવ શ્રી અતુલભાઈ મકવાણા, ઉપ-સચિવ શ્રી નીતિનભાઈ પટેલ, કારોબારી

સભ્ય શ્રી કેતનભાઈ રામાનુજ , કારોબારી સભ્ય શ્રી રમાકાંત ભાઈ ત્રિવેદી અને સાંસ્કૃતિક સમિતિ વિશેષ સહયોગ આપશે. આ માહિતી ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી રાજેશ બી.મહેતાએ આપી હતી.

# અમદાવાદમાં પોસ્ટ ઑફિસ, ખાદી ભંડાર ઉપરાંત એરપોર્ટ તથા આલ્ફા વન મૉલ પરથી ખરીદી શકો છો તિરંગો

પોસ્ટ ઑફિસ તેમજ ગ્રામોદ્યોગ આયોગની વેબસાઈટ પરથી ઓનલાઈન ઓર્ડર કરી શકશો તિરંગો

'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાવા ઉત્સુક નાગરિકોને સહેલાઈથી રાષ્ટ્રધ્વજ ઉપલબ્ધ થઈ શકે તે માટે શરૂ કરાયો રાષ્ટ્રધ્વજ વેચાણ કાર્યક્રમ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તારીખ ૧૩થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાન માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આહવાન કર્યું છે. આ અભિયાનમાં ગુજરાત અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. અમદાવાદ જિલ્લામાં દરેક નાગરિકને સહેલાઈથી તિરંગો ઉપલબ્ધ બને, એ માટે તંત્ર દ્વારા વેચાણ વ્યવસ્થા કરવામાં આવી છે. પોસ્ટ ઑફિસ ઉપરાંત વિવિધ ખાદી ભંડારમાંથી પણ ખાદીના રાષ્ટ્રધ્વજ ખરીદી શકાશે. પોસ્ટ ઑફિસની અધિકૃત વેબસાઈટ પરથી પણ તિરંગો મેળવી શકાય છે. ૧ ઑગસ્ટથી ૧૫ ઑગસ્ટ દરમિયાન વિશેષ રાષ્ટ્રધ્વજ વેચાણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. હર ઘર તિરંગાની રાષ્ટ્રવ્યાપી ઉજવણી અર્થે રાષ્ટ્રધ્વજ સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી કુટીર અને ગ્રામ ઉદ્યોગ વિભાગના હસ્તકના ગુજરાત રાજ્ય હાથશાળા અને હસ્તકલા વિકાસ નિગમના વિવિધ એમ્પોરિયમ ખાતે તારીખ ૧થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાષ્ટ્રધ્વજ વેચાણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના નીચે મુજબના ખાદી ભંડારો (એમ્પોરિયમ્સ) તથા ખાદી સંસ્થાઓ ખાતે રાષ્ટ્રધ્વજ વેચાણ માટે ઉપલબ્ધ રહેશે.

ખાદી મંદિર-એલિસ બ્રિજ, હરિકૃપા ટાવર, જૂના શારદા મંદિર ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ.

ગુજરાત ખાદી પ્રતિષ્ઠાન, રામકોરબા સોસાયટી સામે, રાણીપ, અમદાવાદ.

શ્રી સર્વોદય વિદ્યાવિહાર ટ્રસ્ટ-જોરાવરનગર, દુકાન નં-૮/૯, ભગવતી કોમ્પ્લેક્સ, બુટ ભવાની મંદિર પાસે, વસ્ત્રાપુર રેલવે સ્ટેશન નજીક, વેજલપુર, અમદાવાદ.

પંચવટી, સરવૈયા હાઉસ વ્હાઈટ હાઉસ ચાર રસ્તા નજીક, પંચવટી, અમદાવાદ.

આંબાવાડી અમદાવાદ, દુકાન નં-૨૭/૨૮, કામધેનુ કોમ્પ્લેક્ષ, સહજાનંદ કોલેજની સામે, પાંજરાપોળ અમદાવાદ.

અમદાવાદ હાટ, ઓરબિંદો સોસાયટી નજીક, વસ્ત્રાપુર, અમદાવાદ.

એરપોર્ટ, અમદાવાદ, સરદાર વલ્લભભાઈ પટેલ ડોમેસ્ટિક એરપોર્ટ (ડિપાર્ચર), અમદાવાદ

આ ઉપરાંત ખાદીના રાષ્ટ્રીય ધ્વજ ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગની નીચે મુજબની વેબસાઈટ અને પોર્ટલ પર ×Buy Khadi Products" ઓપ્શનમાં વેચાણ હેતુસર ઉપલબ્ધ છે.

વેબસાઈટ : www.khadiindia.gov.in, … k u x o ÷ : www.kviconline.gov.in

અમદાવાદ શહેરના આલ્ફા વન મોલ, વસ્ત્રાપુર ખાતે તારીખ ૧ ઓગસ્ટથી તારીખ ૧૫ ઓગસ્ટ દરમિયાન રાષ્ટ્રધ્વજ વેચાણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

અમદાવાદ શહેર અને જિલ્લાના તમામ ઘર, તમામ સરકારી કચેરીઓ,

જાહેર સેવાની ઈમારતો, ઔદ્યોગિક એકમો, ખાનગી કચેરીઓ, દુકાનો, દવાખાના વગેરે તમામ ઈમારતો પર તિરંગો લહેરાય એવી નેમ સાથે તંત્રના સક્રિય પ્રયાસો જારી છે.

# ખુશાલ અશોકભાઈ સિતાપરાનાં તેરમાં જન્મદિવસની સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો સાથે સેવામય ઉજવણી

સાધારણ સ્થિતિનાં પરિવારનું ખૂબ જ મોટું અનુદાન

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાત વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૪૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૭૦ વડીલો તો પથારીવશ (ડાઈપર વાળા) છે.

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમમમાં ખુશાલ અશોકભાઈ સિતાપરા દ્વારા પોતાના તેરમાં જન્મદિવસ નિમિતે વૃદ્ધાશ્રમના વડીલો સાથે સેવામય ઉજવણી કરાઈ હતી. ઉલ્લેખનીય છે.

કે ખુશાલ અશોકભાઈ સિતાપરાનાં માતા રેખાબેન અશોકભાઈ સિતાપરા અન્યોનાં ઘરે ઘરકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આમ છતાં પોતાની આવકનો મોટો હિસ્સો પોતાના બાળકનાં જન્મદિવસ નિમિતે સદભાવના વૃદ્ધાશ્રમમાં આપીને સેવામય ઉજવણી કરી હતી. જે સમાજના દરેક વ્યક્તિને સેવા અને સત્કાર્યનું ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડે છે. ઉલ્લેખનીય છે કે ખુશાલએ પોતાના જન્મદિવસે વડીલો સાથે સમય પસાર કરીને ઉજવ્યો હતો અને દરેક વર્ષે આ જ રીતે સેવામય ઉજવણી કરવાનો સંકલ્પ કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.